RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 329* Date: 26.09.2022, Monday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# ચંદીગઢ એરપોર્ટને શહીદ ભગતસિંહનું નામ અપાશે

નવીદિલ્હી,તા.૨૫

પ્રધાનમંત્રી મોદી આજે મન કી બાત કાર્યક્રમના માધ્યમથી ફરી એક વાર દેશવાસીઓને સંબોધન કરી રહ્યા છે. આ તેમનો માસિક રેડિયો પ્રોગ્રામનો ૯૩મો એપિસોડ છે. મન કી બાતનું પ્રસારણ ઓલ ઈંડિયા રેડિયો, દૂરદર્શન ઉપરાંત યૂટ્યૂબ તથા અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર પ્રસારિત થઈ રહ્યું છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા કેરલના એર્નાકુલમમાં પાર્ટી કાર્યકર્તાઓની સાથે પ્રધાનમંત્રી મોદીના મન કી બાત કાર્યક્રમને સાંભાળી રહ્યા છે.



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી મન કી બાત કરી રહ્યા છે. પીએમ મોદીએ કહ્યુ કે, દેશના ખૂણે ખૂણેથી લોકો ભારતમાં ચિત્તા પરત થતાં ખુશી વ્યક્ત કીરી છે. ૧૩૦ કરોડ ભારતવાસી ખુશ છે. ગર્વથી ભરેલા છે. આ ભારતનો પ્રકૃતિ પ્રેમ છે.મન કી બાત કાર્યક્રમમાં પ્રધાનમંત્રીએ ફરી એક ચિત્તાનો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે, હાલમાં ચિત્તાએ આપણું ધ્યાન ખેંચ્યું છે. ૭૦ વર્ષ બાદ ચિત્તા દેશમાં આવવાથી બહું ખુશી છે, તેમણે કહ્યુ કે, અમે ચિત્તાની દેખરેખ માટે ટાસ્ક ફોર્સ બનાવી છે. ચિત્તાનું દરેક રીતે ધ્યાન રાખવામાં આવે છે. અમે ટૂંક સમયમાં નક્કી કરી દઈશું કે આપ ચિત્તા પાસે ક્યારે જઈ શકશો.

ચિત્તા પર વાત કરવા માટે ઢગલાબંધ મેસેજ આવ્યા, પછી તે યુપીમાંથી અરુણ કુમાર ગુપ્તાજી હોય કે તેલંગણામાંથી એન.રામચંદ્રન રઘુરામજી અથવા તો ગુજરાતમાં રાજનજી હોય કે દિલ્હીના સુબ્રતજી. દેશના ખૂણે ખૂણેથી લોકોએભારતમાં ચિત્તાને લઈને ખુશી વ્યક્ત કરી છે. ૧૩૦ કરોડ ભારતવાસી ખુશ છે. ગર્વથી ભરેલા છે. આ ભારતનો પ્રકૃતિ પ્રેમ છે. તેના વિશે લોકોનો એક સવાલ છે કે, મોદીજી અમને ચિત્તા જોવાનો અવસર ક્યારે મળશે ?પીએમ મોદીએ કહ્યુ કે ભગત સિંહજીની જયંતિની પહેલા તેમને શ્રદ્ધાંજલિ સ્વરુપે એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. એ નક્કી કર્યું છે કે, ચંડીગઢ એરપોર્ટનું નામ હવે શહીદ ભગતસિંહજીના નામ પર રાખવામાં આવશે. પીએમ મોદીએ ચંદીગઢ એરપોર્ટનું નામ શહીદે આઝમ ભગત સિંહનું નામ રાખવાની જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે, તેની લાંબા સમયથી રાહ જોવાઈ રહી હતી. હું ચંદીગઢ, પંજાબ, હરિયાણા અને દેશના તમામ લોકોને આ નિર્ણયની ખૂબ ખૂબ શુભેચ્છાઓ આપુ છું. તેમણે આગળ કહ્યું કે, દેશવાસીઓ, આજથી ત્રણ દિવસ બાદ એટલે કે, ૨૮ સપ્ટેમ્બરે અમૃત મહોત્સવનો એક વિશેષ દિવસ આવી રહ્યો છે. આપણે આ દિવસે ભારત માતાના વીર સપૂત ભગત સિંહજીની જયંતિ મનાવીશું.પીએમ મોદીએ કહ્યું કે, આપણે જોયું છે કે, તહેવારો પર પેકિંગ માટે પોલિથીન બેગ્સનો ખૂબ ઉપયોગ થઈ રહ્યો છે. સ્વચ્છતાના પર્વ પર પોલીથીન જે એક નુકસાનકારક કચરો છે. આ પણ આપણા પર્વોની ભાવના વિરુદ્ધ છે. એટલા માટે આપણે સ્થાનિક સ્તર પર બનેલી નોન પ્લાસ્ટિક બેગ્સનો ઉપયોગ કરવાનું રાખીએ. આપણે સુતરાઉ, કેળા એવી કેટલીય પરંપરાગત બેગનું ચલણ ફરી એક વાર વધી રહ્યું છે. આ આપણી જવાબદારી છે કે, આપણે તહેવારો પર તેને પ્રોત્સાહન આપીએ અને સ્વચ્છતાની સાથે સાથે પર્યાવરણની સ્વસ્થ્ય રાખવાની જવાબદારી નિભાવીએ.વડાપ્રધાને કહ્યું હતું કે વિવિધ સમુદાયો અને વિવિધતાઓથી ભરેલી ભારતની સંસ્કૃતિ અહીં ખીલતી જોઇ શકાય છે. એટલું જ નહીં, આ દરિયાકાંઠાના વિસ્તારોનો ખોરાક ઘણા લોકોને આકર્ષે છે. પરંતુ આ ફની વાતોની સાથે સાથે એક દુખદ પાસું પણ છે. આપણા આ દરિયાકાંઠાના વિસ્તારો પર્યાવરણને લગતા અનેક પડકારોનો સામનો કરી રહ્યા છે. જળવાયુ પરિવર્તન દરિયાઈ જીવસૃષ્ટિ માટે એક મોટો ખતરો બની રહ્યો છે, તો બીજી તરફ આપણા દરિયા કિનારા પર ગંદકી પરેશાન કરી રહી છે. આ પડકારો માટે ગંભીર અને ટકાઉ પ્રયાસો કરવાની આપણી જવાબદારી છે. ×વિશ્વએ હવે સ્વીકાર્યું છે કે યોગ શારીરિક અને માનસિક સુખાકારી માટે ખૂબ અસરકારક છે. ખાસ કરીને ડાયાબિટીસ અને બ્લડપ્રેશરને લગતી સમસ્યાઓમાં યોગથી ઘણી મદદ મળે છે. યોગની આવી શક્તિને ધ્યાનમાં રાખીને સંયુક્ત રાષ્ટ્રએ ૨૧ જૂને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવવાનો નિર્ણય કર્યો છે. ‘ પીએમ મોદીએ કહ્યું કે, ‘હું માત્ર બે જ શબ્દ બોલીશ પણ મને ખબર છે, તમારો ઉત્સાહ ચાર ગણો વધી જશે.‘ આ બે શબ્દો છે સર્જિકલ સ્ટ્રાઇક. આપણા દેશમાં ચાલી રહેલા અમૃત મહોત્સવના અભિયાનને આપણે પૂરા ઉત્સાહ સાથે ઉજવીએ, આપણી ખુશીઓ સૌની સાથે વહેંચીએ. ‘

# રાજદ જદયુમા વિરોધાભાસ છે, બિહારમાં વચગાળાની ચૂંટણી યોજાશે : ચિરાગ પાસવાનનો દાવો

નાલંદા,તા.૨૫

બિહારમાં તાજેતરમાં રાજદ સાથેના મહાગઠબંધનમાં સરકાર બનાવનાર નીતિશ કુમાર પર ચિરાગ પાસવાને નિશાન સાધીને કહ્યું છે કે, આ સંગ લાંબો ચાલી શકવાનો નથી એટલે બિહારે ફરી એકવાર વચગાળાની ચૂંટણીનો સામનો કરવો પડશે.



તેમણે કહ્યું કે લોકસભાની ચૂંટણી વખતે કોઇ પાર્ટી સાથે ગઠબંધન કરીશું, પરંતુ અત્યારે તો અમે એકલા જ ચાલી રહ્યા છે.

લોક જનશક્તિ પાર્ટી રામવિલાસ જૂથના રાષ્ટ્રીય અધ્યક્ષ ચિરાગ પાસવાને ફરી એકવાર દાવો કર્યો છે કે બિહારમાં ટૂંક સમયમાં મધ્યસત્ર ચૂંટણી યોજાશે કારણ કે નીતિશ કુમારની આગેવાની હેઠળની મહાગઠબંધન સરકાર લાંબો સમય ચાલશે નહીં. રાજગીરમાં એલજેપી રામવિલાસ જૂથના કાર્યકર્તાઓની ચાલી રહેલી તાલીમ શિબિરના છેલ્લા દિવસે તેમણે કહ્યું હતું કે ઇત્નઢ અને ત્નઢેંના નેતાઓના તાજેતરના નિવેદનોથી સ્પષ્ટ છે કે બંને પક્ષો વચ્ચે ઘણો વિરોધાભાસ છે.

નાલંદા જિલ્લાના રાજગીરમાં ચાલી રહેલા પ્રશિક્ષણ કેમ્પમાં ચિરાગ પાસવાને એ પણ સ્પષ્ટ કર્યું કે તે કયા કેમ્પમાં જોવા મળશે. આ ચર્ચા પર તેમણે કહ્યું કે, અત્યારે મારી પાર્ટીનું કોઈ પાર્ટી સાથે ગઠબંધન નથી. લોકસભા ચૂંટણી દરમિયાન ગઠબંધન થશે. હાલમાં અમે એકલા ચાલીને પ્રજાના હિતમાં કામ કરી રહ્યા છીએ. તેમણે એમ પણ કહ્યું કે મંત્રી બનવાની ઈચ્છા નથી. જો તે થવું જ હતું, તો તે ૨૦૨૦ માં જ બની ગયો હોત.

ચિરાગ પાસવાને કહ્યું કે મારા કાકા પશુપતિ કુમાર પારસે મારી પીઠમાં ખંજર ભોંકી દીધું છે, હવે હું ક્યારેય તેમની સાથે કે તેમની સાથેના ગઠબંધનનો ભાગ બનીશ નહીં.

ચિરાગ પાસવાને કહ્યું કે હું બિહારને રામવિલાસ પાસવાનના સપનાનું બનાવવાની દિશામાં કામ કરી રહ્યો છું.

ચિરાગે કહ્યું, નીતિશ કુમારને ડર હતો કે ભાજપ તેમની પાર્ટીમાં તોડફોડ કરશે. આ ડરને કારણે તેઓ મહાગઠબંધનમાં ગયા. પરંતુ અમારે અમારી પાર્ટી અને બિહારની જનતા પર ધ્યાન આપવું પડશે.

ચિરાગ પાસવાન અને ન્ત્નઁઇ એવા નેતાના આદર્શને અનુસરી રહ્યા છે જેમણે બિહારના લોકો માટે સત્તાનો અસ્વીકાર કર્યો હતો. ન્ત્નઁઇની આ વિચારસરણી આજની નથી, શરૂઆતથી છે. જો રામવિલાસ પાસવાને નીતિઓ સાથે સમાધાન કર્યું હોત તો તેઓ ૨૦૦૫માં મુખ્યમંત્રી બન્યા હોત. તે લોકો શાસન કરવા માટે લડી રહ્યા છે, અમે બિહારને ગૌરવ અપાવવા માટે લડી રહ્યા છીએ.

# ભાજપના એક સહિત ૫ સાંસદોની થરૂરને સંસદની આઈટી પેનલના પ્રમુખ તરીકે પુનઃસ્થાપિત કરવા માગ

નવી દિલ્હી,તા.૨૫

કેન્દ્રની મોદી સરકારે કોંગ્રેસી નેતા શશિ થરૂરને સંસદીય સમિતિના અધ્યક્ષ પદેથી દૂર કર્યા છે. ત્યારે ભાજપના એક સાંસદ સહિત સંસદની સ્થાયી સમિતિના ૫ સદસ્યોએ શનિવારના રોજ લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાને સંયુક્તરૂપે પત્ર લખીને આઈટી સમિતિના પ્રમુખ તરીકે શશિ થરૂરને ફરીથી નિયુક્ત કરવા માટે આગ્રહ વ્યક્ત કર્યો છે. શશિ થરૂરે પણ સરકારના આ નિર્ણય મામલે ચૂપકિદી તોડી છે. તેમણે પોતે સરકારના અસામાન્ય નિર્ણયથી નિરાશ છે અને આ પ્રકારની અસહિષ્ણુતાથી સંસદીય લોકશાહીને નુકસાન થાય છે તેમ જણાવ્યું હતું. લોકસભામાં કોંગ્રેસી નેતા અધીર રંજન ચૌધરીએ પણ સ્પીકરને એક પત્ર લખીને પ્રમુખ વિપક્ષી દળ (કોંગ્રેસ) માટે સન્માનજનક વ્યવહારની માગણી કરી છે. ઉલ્લેખનીય છે કે, શશિ થરૂર આઈટી મંત્રાલય સાથે સંકળાયેલી સંસદની સ્થાયી સમિતિના અધ્યક્ષ હતા. ત્યારે કોંગ્રેસ દ્વારા એવી માગણી કરવામાં આવી રહી છે કે, જો સરકાર આઈટી સમિતિને પોતાના પાસે રાખવા ઈચ્છતી હોય તો થરૂરને વિદેશ મામલાઓની સમિતિમાં પુનઃસ્થાપિત કરવામાં આવે કારણ કે, ૨૦૧૯ના વર્ષ સુધી તે થરૂર પાસે જ હતી. અધીર રંજને ઓમ બિરલાને લખેલા પત્રમાં એ અંગે પણ ધ્યાન દોર્યું હતું કે, પરંપરા પ્રમાણે પ્રમુખ વિપક્ષી દળ પાસે ૪ ટોચની સમિતિઓમાંથી ઓછામાં ઓછી એક તો હોવી જોઈએ. લોકસભા અધ્યક્ષને સંયુક્તરૂપે પત્ર લખનારા ૫ લોકોમાં ભાજપના અનિલ અગ્રવાલ, સીપીએમના જોન બ્રિટાસ, કોંગ્રેસના કાર્તિ ચિદંબરમ, ટીએમસીના મહુઆ મોઈત્રા અને ડીએમકેના ટી સુમતિનો સમાવેશ થાય છે. પત્રમાં લખ્યું છે કે, ‘સમિતિની ફાળવણી સામાન્ય રીતે નવી લોકસભાની શરૂઆતમાં જ થઈ જાય છે અને જ્યાં સુધી કોઈ અસાધારણ પરિસ્થિતિઓમાં તેનો ભંગ ન કરવામાં આવે ત્યાં સુધી તે જળવાઈ રહે છે.‘ વધુમાં લખ્યું હતું કે, ‘૧૭મી લોકસભાના વચગાળાના સમયમાં જ અમારી સમિતિની અધ્યક્ષતા બદલી દેવામાં આવે તે આંચકાજનક છે.

### ફરીથી સ્વતંત્રતા અનુભવી રહી છું,

# ન્યાયાધીશનું જીવન બલિદાનોથી ભરેલું હોય છેઃ જસ્ટિસ ઈન્દિરા બેનર્જી

નવીદિલ્હી, તા.૨૫

સુપ્રીમ કોર્ટના ૫માં સીનિયર જસ્ટિસ ઈન્દિરા બેનર્જી ૪ વર્ષથી વધુ સમય સુધી પદ પર રહ્યા બાદ નિવૃત થઈ ગયા હતા. તેમણે આશા વ્યક્ત કરી હતી કે, આગામી દિવસોમાં વધુ મહિલાઓની એસસીમાં જસ્ટિસ તરીકે નિમણૂક કરવામાં આવે. જસ્ટિસ બેનર્જીએ કહ્યું કે, તે ફરીથી પોતાને સ્વતંત્ર અનુભવી રહી છે કારણ કે, એક જસ્ટિસનું જીવન બલિદાનથી ભરેલું હોય છે. તેમણે પોતાના જીવનમાં અનેક વસ્તુઓનો ત્યાગ કરવો પડે છે. તેમણે એ વાતનો સ્વીકાર કર્યો કે, કાયદાકીય વ્યવસાયમાં આવવું એ એક સંયોગ હતો. જસ્ટિસે કહ્યું કે, જો મારા પિતા જીવિત હોત તો કદાચ જ હું જસ્ટિસ બનવાનો સ્વીકાર કર્યો હોત. તેઓ મોટા ભાગે મને જજ બનવાની વાત કહેતા હતા પરંતુ હું દરેક વખતે ઈનકાર કરી દેતી હતી.જસ્ટિસ બેનર્જી સુપ્રીમ કોર્ટમાં નિયુક્ત થનારી ૮મી મહિલા જજ હતા. હવે તેમની નિવૃત્તિ સાથે જ સર્વોચ્ચ અદાલતમાં મહિલા ન્યાયાધીશોની સંખ્યા હાલમાં ત્રણ થઈ જશે. જેમાં જસ્ટિસ હિમા કોહલી, જસ્ટિસ બીવી નાગરથના અને જસ્ટિસ બેલા એમ. ત્રિવેદીનો સામેલ છે. ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના રોજ અસ્તિત્વમાં આવેલી સુપ્રીમ કોર્ટમાં છેલ્લા ૭૨ વર્ષમાં માત્ર ૧૧ મહિલા જજની નિમણૂક કરવામાં આવી છે. જસ્ટિસ એમ ફાતિમા બીવીની ૧૯૮૯માં પ્રથમ મહિલા જજ તરીકે નિમણૂક કરવામાં આવી હતી. જીઝમાં નિયુક્ત અન્ય મહિલા ન્યાયાધીશોમાં જસ્ટિસ સુજાતા વી મનોહર, જસ્ટિસ રૂમા પાલ, જસ્ટિસ જ્ઞાન સુધા મિશ્રા, જસ્ટિસ રંજના પી દેસાઈ, જસ્ટિસ આર. ભાનુમતી અને જસ્ટિસ ઈન્દુ મલ્હોત્રા સામેલ હતા.

જસ્ટિસ બેનર્જીએ સર્વોચ્ચ અદાલતમાં પોતાનો પ્રથમ દિવસ યાદ કરતાં કહ્યું કે, આજે એ જ દિવસ જેવું લાગી રહ્યું છે જ્યારે ૭ ઓગસ્ટ, ૨૦૧૮ના રોજ જસ્ટિસ (નિવૃત્ત) દિપક મિશ્રા સાથે બેન્ચ શેર કરી રહી હતી. તેમણે કહ્યું કે, મને આશા છે કે, ભવિષ્યમાં વધુ મહિલાઓ સુપ્રીમ કોર્ટમાં હશે. આશા છે કે, નબળાઓને સહયોગ મળશે અને ટૂંક સમયમાં સમાનતા અને ન્યાય થશે. તમારો બધાનો આભાર. પોતાના અંતિમ કાર્ય દિવસે જસ્ટિસ બેનર્જીએ ભારતના ઝત્નૈં ઉદય ઉમેશ લલિત સાથે રસ્મી બેન્ચ શેર કરી હતી. જસ્ટિસ લલિતે તેમને બે દાયકા લાંબા કરિયરમાં ન્યાયપાલિકામાં તેમના યોગદાનની પ્રશંસા કરી હતી. CJIએ કહ્યું કે, અમને બધાને જસ્ટિસ બેનર્જીની ખોટ વર્તાશે.

# મુસ્લિમ બાળકોથી ભજન ગવડાવવા અને સૂર્ય નમસ્કાર કરવા ઉપર પ્રતિબંધ લગાવવામાં આવે

લખનૌ,તા.૨૫

મુત્તાહિદ મજલિસ-એ-ઉલેમા (એમએમયુ)એ કાશ્મીરી શાળાઓમાં મુસ્લિમ વિદ્યાર્થીઓ ભજન ગાતા અને સૂર્ય નમસ્કાર કરવા પર ચિંતા વ્યક્ત કરી છે. સંગઠને કહ્યું કે ખીણમાં હિંદુત્વના એજન્ડાને આગળ વધારવાના ઉદ્દેશ્ય સાથે શાળાઓ અને શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા લાગુ કરવામાં આવી રહેલી પ્રવૃત્તિઓને રોકવી જોઈએ. તે જાણીતું છે કે સ્સ્ં લગભગ ૩૦ ધાર્મિક, સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓનું સંગઠન છે.

“શાળાઓ અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં મુસ્લિમ વિદ્યાર્થીઓને હિન્દુ ધાર્મિક ગીતો ગાવા અને સૂર્ય નમસ્કાર કરવા માટે કહેવામાં આવે છે,” એમએમયુએ એક નિવેદનમાં જણાવ્યું હતું. કાશ્મીરની મુસ્લિમ ઓળખને નબળી પાડવાનો આ એક દુર્ભાગ્યપૂર્ણ પ્રયાસ છે. અમે આ મામલે શ્રીનગરની જામા મસ્જિદમાં બેઠક યોજી હતી. તેમાં કહેવામાં આવ્યું છે કે આ ફરમાન મુસ્લિમોની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડે છે અને તેમનામાં નારાજગી પેદા કરે છે.

સંગઠને જણાવ્યું હતું કે બેઠક દરમિયાન સર્વસંમતિથી એક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો અને ‘સંતોની ખીણ’ની મુસ્લિમ ઓળખને નબળી પાડવા અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. મીટીંગ દરમિયાન નિર્ણય લેવામાં આવ્યો હતો કે આ પ્રકારની પ્રવૃત્તિઓ વહેલી તકે બંધ કરવી જોઈએ.નોંધનીય છે કે હાલમાં જ સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયો હતો, જેમાં એક સરકારી શાળાના વિદ્યાર્થીઓ ‘રઘુપતિ રાઘવ રાજા રામ’ ગાતા જોવા મળ્યા હતા. સ્સ્ંએ વાલીઓને વિનંતી કરી કે જો તેમના બાળકોને સરકારી શાળાઓમાં બિન-ઈસ્લામિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની ફરજ પાડવામાં આવે છે, તો તેઓએ તેમના બાળકોને આ શાળાઓમાંથી બહાર કાઢીને ખાનગી શાળાઓમાં દાખલ કરવા જોઈએ.

### તિરુપતિ મંદિરે સંપત્તિ જાહેર કરી

# દેશભરમાં મંદિરની ૯૬૦ મિલકતો છે, જેની કિંમત રૂ. ૮૫,૭૦૫ કરોડ થવા જાય છે

તિરૂપતિ,તા.૨૫

તિરૂપતિ મંદિરે પોતાની સંપત્તિના આંકડા જાહેર કરીયા છે. મંદિરની સંપત્તિના આંકડા જોઇને તમે પણ ચોકી જશો.હાલમાં જ તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમના તાજેતરના આંકડા એવા સમયે આવ્યા છે. જ્યારે છેલ્લા પાંચ મહિનામાં મંદિર ‘હુંડી’માં દાન દ્વારા ટીટીડીની માસિક આવકમાં સતત વધારો થયો છે. આ વર્ષે એપ્રિલથી અત્યાર સુધીમાં, હુંડી દ્વારા કુલ દાન રૂ. ૭૦૦ કરોડને પાર કરી ગયું છે.



તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ , વિશ્વના સૌથી ધનાઢ્ય હિન્દુ ધર્મસ્થાન એ જાહેરાત કરી છે કે તેની પાસે દેશભરમાં ૯૬૦ મિલકતો છે, જેની કિંમત રૂ. ૮૫,૭૦૫ કરોડ છે ટીટીડી વિવિધ બેંકોમાં ૧૪,૦૦૦ કરોડથી વધુની ફિક્સ્ડ ડિપોઝિટ ધરાવે છે અને લગભગ ૧૪ ટન સોનાનો ભંડાર ધરાવે છે. હવે, તેની તમામ જમીન મિલકતોના મૂલ્યાંકન સાથે, મંદિર અનેક ગણું સમૃદ્ધ બન્યું છે.્ઢ અધિકારીઓએ જણાવ્યું હતું કે સરકારી આંકડાઓ અને બજાર મૂલ્ય મિલકતો ઓછામાં ઓછી ૧.૫ ગણી વધીને લગભગ રૂ. ૨ લાખ કરોડની હશે.

તાજેતરના વર્ષોમાં આ પ્રથમ વખત છે જ્યારે ટીટીડીએ સત્તાવાર રીતે તેની મિલકતોની વિગતો જાહેર કરી છે.

ટીટીડીના ચેરમેન વાયવી સુબ્બા રેડ્ડીએ જણાવ્યું હતું કે મંદિર ટ્રસ્ટ દેશભરમાં ૭,૧૨૩ એકર જમીન ધરાવે છે. તેમણે જણાવ્યું હતું કે ૧૯૭૪ અને ૨૦૧૪ ની વચ્ચે (હાલની વાયએસઆરસીપી સરકાર સત્તામાં આવી તે પહેલાં), વિવિધ સરકારોના કાર્યકાળ દરમિયાન,્ઢના વિવિધ ટ્રસ્ટોએ કેટલાક અનિવાર્ય કારણોસર ૧૧૩ મિલકતોનો નિકાલ કર્યો હતો. જો કે, તેમણે મિલકત વેચવા પાછળના કારણોની વિગતો આપી ન હતી.

સુબ્બા રેડ્ડીએ જણાવ્યું હતું કે ટીટીડીએ ૨૦૧૪ પછી કોઈપણ સંપત્તિનો નિકાલ કર્યો નથી અને ભવિષ્યમાં તેની કોઈપણ સ્થાવર સંપત્તિ વેચવાની કોઈ યોજના નથી. “રાજ્ય સરકારની સૂચનાઓને અનુસરીને, મારી અધ્યક્ષતા હેઠળના અગાઉના ટ્રસ્ટ બોર્ડે દર વર્ષે ટીટીડી પ્રોપર્ટી પર શ્વેતપત્ર બહાર પાડવાનો ઠરાવ કર્યો હતો. જ્યારે પ્રથમ શ્વેતપત્ર ગયા વર્ષે બહાર પાડવામાં આવ્યું

## તંત્રી સ્થાનેથી...

# બાળકોમાં વધતા જતા જાતીય સતામણીના કેસ

જાતીય સતામણીની વાત કરીએ તો બહારના લોકો કે અન્ય લોકો તો પછી આવે છે પણ ઘરનાકે નજીકના લોકો દ્વારા જમોટા ભાગે બાળકો સાથે જાતીય સતામણી થતી હોય છે. આ માટે ઘણાં બધાં કારણો જવાબદાર છે. સૌથી પહેલું કારણ એ છે કે જાતીય સતામણી વિશે ખુલીને વાત થવી જોઈએ એ નથી થઈ રહી. શિક્ષણમાં પણ જાતીય સતામણીના શિક્ષણનો સમાવેશ થવો જોઈએ. તે બાબતમાં પણ આપણે પાછળ છીએ.

આ પ્રકારની ઘટનાઓ અત્યારના જ થઈ રહી છે એવું નથી.તે ઘણાં વર્ષોથી થઈ રહી છે. પણ આવી ઘટનાઓ સમાજમાં, લોકોની સમક્ષ કે જાહેરમાં ખુબ ઓછાં પ્રમાણમાં આવે છે.એમ માનવામાં આવે છે કે આ જે આંકડા છે એનાથી બે થી ત્રણ ગણું વધારે તેનું પ્રમાણ છે. પણ હજુ આ ઘટનાઓ એટલી બહાર આવી રહી નથી. શોષિત બાળકને શરૂઆતમાં ખબર જ નથી હોતી કે તેની જોડે શું બની રહ્યું છે. પરિચિત વ્યક્તિ દ્વારા જ જાતીય સતામણી થતી હોય છે.

બાળકોને માતા-પિતા દ્વારા કે શાળા દ્વારા આ વિશે ખુલીને શિક્ષણ અપાઈ નથી રહ્યું કે આપવામાં સંકોચ અનુભવાય છે. બાળકોના સંકેત, સંકોચ અને સ્વભાવ સમજવામાં ખુદ માતા-પિતા જ નિષ્ફળ રહ્યા છે. બાળકોને જાતીય શિક્ષણ આપવામાં આપણે કેમ પાછળ છીએ?પરિવારમાં પણ બાળકોને જીવનલક્ષી શિક્ષણ નથી અપાઈ રહ્યું. પરિવારમાં આ મુદ્દા પર ખુલીને ચર્ચા નથી થતી.અત્યારના બાળકો ફક્ત ઘરમાં બેસી રહે એવાં નથી. આજના બાળકો પ્રવૃત્તિશીલ છે. બાળકને શાળાએ જવાનું હોય છે, ખાનગી ટ્યુશનમાં જવાનું હોય છે, બીજી પ્રવૃત્તિઓ માટે પણ તે જાય છે. આમ બાળક દિવસમાં ઘણા બધાના સંપર્કમાં આવે છે. ક્યાંય સામેવાળી વ્યક્તિના માથા પર તો લખ્યું નથી હોતું કે આ વ્યક્તિ આ પ્રકારનું વિકૃત માનસ ધરાવે છે. આ માટે એક રસ્તો એ છે કે જો બાળકને જાણકારી હશે તો તે સમજી શકશે કે સુરક્ષિત સ્પર્શ શું છે અને તે બચી શકશે.

કોઈપણ પ્રકારે બાળકને સ્પર્શ કરીને એનું સીધેસીધું જાતીય શોષણ કરવામાં આવે છે એવું પણ નથી. પહેલાં શોષણ કરનાર વ્યક્તિ દ્વારા તેનું કાળજીપૂર્વક ધ્યાન રાખવામાં આવે છે જેથી તેનો વિશ્વાસ સંપન્ન થાય છે. આ પ્રકારના વર્તનને મનોવૈજ્ઞાનિક ભાષામાં ગ્રુમિંગ (માવજત)કહે છે. એ વ્યક્તિ બાળકને પોતાના વિશ્વાસમાં લેવાની કોશિશ કરે છે અને પછી એ વ્યક્તિ બાળક સાથે અડપલાં કે દુષ્કૃત્ય કરે છે. જો બાળકને જાતીય શિક્ષણ આપવામાં આવ્યું હશે તો આ તબક્કે બાળક તરત સમજી શકશે કે તેની જોડે શું થઈ રહ્યું છે.

અત્યારના સંચાર માધ્યમોનો ઘણો દુરઉપયોગ થઈ રહ્યો છે. તેનો સારો ઉપયોગ પણ હોઈ શકે. જો માતા-પિતાને આ વિશે શિક્ષણ આપતાં સંકોચ થાય તો યુ-ટ્યુબ પર ઘણી બધી માહિતીપ્રદ ફિલ્મો ઉપલબ્ધ છે. (દા.ત. ચાઈલ્ડ સેક્સુઅલ એબ્યુઝ પર ચાઈલ્ડ લાઈન ઈન્ડિયા ફાઉન્ડેશનની ડોક્યુમેન્ટરીફિલ્મ-કોમલ) જે બાળકોને બતાવીને જાતીય શિક્ષણ આપી શકાય છે.

બાળકની ઉંમર ૩ કે ૪ વર્ષની થાય ત્યારથી જ બાળકોને બાળ જાતીય શોષણ વિશે શીખવવાનું શરૂ કરી શકો છો. બાળકો પોતાના શરીરના અંગો ઓળખી શકે છે, જેમકે આંખ,નાક,કાન વિ. પણ તે કદી તેના અંગત ભાગોને ઓળખી નથી શકતું. આપણે બાળકો આગળ આ વાત કરતાંજ નથી. માતા-પિતા દરેક વિષયની વાત બાળક સાથે કરે છે પણ આ વિષયની વાત કરતાં અચકાય છે. માતા-પિતા એ સમજવું જોઈએ કે પોતાનું બાળક જ્યારથી પોતાના અન્ય અંગો ઓળખતું થાય ત્યારથી જ તે પોતાના અંગત ભાગોને પણ ઓળખતું થવું જોઈએ. માતા-પિતા એટલા માટે આ જાતીય શિક્ષણ નથી આપતાં કે મોટા ભાગના માતા-પિતા માનતાં હોય છે કે અમારા પરિવારમાં તો બાળકો સાથે જાતીય શોષણ થાય જ નહીં, પરિવારમાં બધાં સારા લોકો છે જેથી મારા બાળક જોડે કોઈ કાંઈ કરે જ નહીં. પણ ક્યારે ક્યાં કઈ વ્યક્તિના મગજમાં શું ચાલે છે તે આપણને ખબર હોતી નથી.છે.

# ભવ્ય વારસારૂપ ગેટવે ઓફ ઈન્ડિયાને નવો ઓપ આપવામાં આવશે

મુંબઇ,તા.૨૫

મહાનગરપાલિકા મુંબઇના ભવ્ય વારસારૂપ ગેટવે ઓફ ઈન્ડિયા પર સહેલાણીઓને ઉત્તમ સુવિધા મળે તે માટે નવી વ્યવસ્થા કરી રહી છે. વિશેષ આયોજન કરી રહી છે. સાથોસાથ ગેટવે ઓફ ઈન્ડિયાને પણ નવો ઓપ આપવાનું આયોજન થઇ રહ્યું છે.

મહાનગરપાલિકાના એક અધિકારીએ એવી માહિતી આપી હતી કે હાલ ટોઇલેટ બ્લોક, ટિકિટનાં બૂથ, સિક્યુરિટી ચોકી અને અન્ય કામચલાઉ રીતે બાંધવામાં આવેલા શેડ્ઝ વગેરેને કારણે સહેલાણીઓ ગેટવે ઓફ ઈન્ડિયાનો આકર્ષક અને સુંદર દેખાવ માણી શકતાં નથી.



એટલે અમે આ તમામ બાંધકામ દૂર કરીને તે બધાંને એકમાં સમાવી લેવાનું આયોજન કરીશું.

આ સમગ્ર આયોજન માટે લગભગ ૧૪ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. નવા આયોજનમાં શિવાજી મહારાજની પ્રતિભા ફરતે ઉદ્યાન બનાવવામાં આવશે, જે જનતા માટે ખુલ્લું રહેશે.વળી, લાઈટ પોલ્સ(વીજળીના થાંભલા), સહેલાણીઓને બેસવા માટે બેન્ચીસ વગેરે સહિત કચરાની ટોપલીઓ વગેરે સુવિધા પણ હશે.

ફંડફાળા

રોજ સપના ઉછાળા મારે છે,<br>
રોજ સપના ઉલાળા મારે છે.<br>
દરેક છોકરીની ઇચ્છા હોય છે,<br>
હરી જાય રાજકુમાર મૂંછાળા.<br>
આમ તો એવું કયાં હોય છે?<br>
કાળા કદી ન લાગે રૂપાળા.<br>
હિસાબ એવા સોલિડ રાખો,<br>
કોઇ શોધી ન શકે ગોટાળા!<br>
ઘાવને પંપાળો નહીં, નહીતર,<br>
રુઝાવાને બદલે રહેશે આળા<br>
પ્રેમ નિભાવવો શું અઘરો છે!<br>
શા માટે ઉઘરાવવા ફંડફાળા ?

ભરત વૈષ્ણવ<br>
૨૫.૯.૨૦૨૨.

# લઘુકથા..જેવું વાવશો તેવું લણશો



એક ગામમાં ત્રણ ચોર રહેતા હતા.એક રાત્રે તેમને નગરના એક ધનવાનના ઘેર ચોરી કરી.ચોરેલ તમામ ધન એક થેલામાં ભરીને જંગલની તરફ જાય છે.જંગલમાં પહોંચ્યા પછી ચોરોને ભૂખ લાગે છે.જંગલમાં ખાવાની કોઈ ચીજવસ્તુઓ નહોતી એટલે એક ચોરને ગામમાં ખાવાનું લેવા માટે મોકલે છે અને બાકીના બે ચોર ચોરેલા ધનની ચોકી કરે છે.

જે ચોર ખાવાની ચીજવસ્તુઓ લેવા નગરમાં જાય છે તેની નિયત ખરાબ હતી.તેને પહેલાં તો હોટલમાં જઈ ભરપેટ ભોજન કર્યું ત્યાર પછી તેને પોતાના સાથીઓ માટે ભોજન બંધાવ્યું અને તે ભોજનમાં હળાહળ ઝેર ભેળવી દીધું.તેને વિચાર્યું કે ઝેરવાળું ભોજન ખાવાથી તે બે મિત્રો મરી જશે એટલે તમામ ધન મને મળશે.

આ બાજું જંગલમાંના બે ચોરોએ વિચાર્યું કે જે ભોજન લેવા નગરમાં ગયો છે તેને મારી નાખીશું તો ધનના બે ભાગ પાડી આપણે અડધું અડધું વહેંચી લઈશું.ત્રણે ચોરોએ પોત પોતાની યોજના અનુસાર કાર્ય કર્યું.પહેલો ચોર ભોજન લઈને આવ્યો એટલે બાકીના બે ચોરો તેની ઉપર તૂટી પડયા અને તેને મારી નાખ્યો ત્યારબાદ નિશ્ચિંત થઈને બે ચોરો ભોજન કરવા બેઠા છે પરંતુ ભોજનમાં તો હળાહળ ઝેર ભેળવ્યું હતું જે ખાતાં જ બે ચોરો તરફડીને મરી જાય છે.આમ ત્રણેનો ખરાબ રીતે અંત થાય છે.

આના ઉપરથી એ શીખ લેવાની છે કે જે બીજાનું ખરાબ કરે છે અંતે તેને પણ ખરાબ ફળ ભોગવવું પડે છે.આપણે જેવા કર્મ કરીશું તેવા ફળ આજે નહી તો કાલે ભોગવવા જ પડશે.બીજાના વિશે આપણે જેવું વિચારીશું સામેવાળો પણ આપણા માટે એવું જ વિચારશે.કોઈ કોઈને સુખ કે દુઃખ આપતું નથી,તમામ મનુષ્ય પોતાના કર્મ અનુસાર ફળ પામે છે.

મૃત્યુના સમયે સગાં-સબંધીઓ કોઈ જીવની સાથે જતા નથી.જીવ પોતાના સારા-નરસા કર્મો..મન અને ઈન્દ્રિયોના સૂક્ષ્મરૂપ સહિત પહેલાંના શરીરને છોડીને બીજા શરીરમાં જાય છે.જ્ઞાન ભક્તિ સંપન્ન કર્મ કરેલા હશે તો મુક્ત થઈ જવાશે એટલે પરીવાર તથા સબંધીઓના મોહમાં પડીને ક્યારેય એવા કર્મ ના કરવા જોઈએ કે જે અમોને ભવિષ્યમાં મૃત્યુ પછી દુઃખદાયી થાય.સંસારના તમામ સબંધો અસત્ય અને કલ્પિત છે.

અનેક જન્મોની અધૂરી રહેલી આ સંસારની મિથ્યા વાસનાઓ લાંબા સમયના અભ્યાસ વિના ક્ષીણ થતી નથી અને જ્યાંસુધી વાસનાઓ છે ત્યાંસુધી કર્મ ચાલુ રહે છે.કર્મોને સમાપ્ત કરવાં હોય તો વાસનાને મારવી પડે છે અને તે ભગવાનનું નામ લેવાથી જ મરે છે.

જીવન વિકાસ કરવો હોય તો સ્વતંત્ર બુધ્ધિ જોઈએ.જીવન વિકાસના માટે બુધ્ધિ? બગડવી ના જોઈએ. કપાળે તિલક કરીને આપણે બુધ્ધિની પૂજા કરીએ છીએ કારણ કે બુધ્ધિ બગડે તો વિચાર અને કર્મ પણ બગડે છે.જીવ જે શરીરને સુખી રાખવા અનેક પ્રકારની કામનાઓ અને કર્મ કરે છે તથા સ્ત્રી પૂત્ર ધન દૌલત ભૌતિક સંપત્તિ,સગાં વહાલાંનો વિસ્તાર કરીને તેના પાલન પોષણમાં લાગેલો રહે છે,ઘણી મુશ્કેલીઓ વેઠીને ધનનો સંચય કરે છે.આયુષ્ય પુરૂં થતાં જ શરીર નષ્ટ થઈ જાય છે અને વૃક્ષની જેમ બીજા શરીરના માટે બીજ આરોપીને બીજાઓના માટે પણ દુઃખની વ્યવસ્થાં કરીને જાય છે.ઉચ્ચ વિચાર..શુભ કર્મ અને કપટ રહિત વ્યવહાર ચરીત્ર નિર્માણનો મૂળ આધાર છે અને તેની પ્રગતિના માટે સત્સંગ ખૂબ જ જરૂરી છે.કર્તાભાવનો ત્યાગ કરીને કરવામાં આવેલ કર્મ જ સાચો આનંદ આપે છે.જ્યારે વચન અને કર્મમાં અંતર આવી જાય છે ત્યારે સંકોચ આવે છે.

મનુષ્ય જે કંઈ કર્મ કરે છે તેના અંતઃકરણમાં તે કર્મના સંસ્કાર પડે છે અને તે સંસ્કારો અનુસાર તેનો સ્વભાવ બને છે.આ રીતે પહેલાંના અનેક જન્મોના કરેલા કર્મોના સંસ્કાર અનુસાર મનુષ્યનો જેવો સ્વભાવ હોય છે તે અનુસાર તેનામાં સત્વગુણ,રજોગુણ અને તમોગુણ આ ત્રણ ગુણોની વૃત્તિઓ ઉત્પન્ન થાય છે.પ્રત્યેક કર્મનું ફળ અમારી સામે આવવાનું જ છે.દરેક સારા અને ખરાબ કર્મનું ફળ અમારે ભોગવવું જ પડશે એટલે અમારાથી કોઈ સત્કાર્ય થાય તો પ્રભુ પરમાત્માનો ધન્યવાદ કરો કે સત્કાર્ય કરવા માટે અમોને શક્તિ આપી અમોને નિમિત્ત બનાવ્યા અને અમારાથી કોઈ ખરાબ કાર્ય થાય તો પશ્ચાતાપ કરીએ અને ભવિષ્યમાં આવી કોઈ ભૂલ ના થાય તે માટે પ્રાર્થના કરીએ.અમારો વ્યવહાર,લેવડ-દેવડ,ભાષા અને સ્વભાવ એટલો સુંદર હોવો જોઈએ કે લોકો અનુકરણ કરે.જેના હૃદયમાં પદ-પ્રતિષ્ઠા અને પૈસા મેળવવાની ઈચ્છા હોતી નથી તો પ્રભુ પરમાત્મા પોતે પદ-પ્રતિષ્ઠા અને પૈસા આપવા તેની પાછળ ફરતા હોય છે.

વિનોદભાઈ માછી નિરંકારી<br>
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# ગધેડી પણ ગઇ અને ફાળિયું પણ ગયું!!

કેટલાક લોકો જાતજાતની ટીપ્સ આપે છે. નિષ્ફળ વ્યકિત ( અનિલ અંબાજીનું નામ વિચારશો નહીં!! પ્લીલીલીઇઇઝ!) હાઇ ટુ બી સકસેસફૂલ પર્સન વિશે ટીપ આપે છે. લગ્ન કરેલ હોય અથવા પત્નીનો ત્યાગ કર્યો હોય ( સાહેબનું નામ ભૂલેચૂકે લેવું જ નહીં. નહીંતર જોવા જેવી થશે, સમજી લો!! આ સાડી સતર વાર ધમકી છે. જાવ થાય તે કરી લો.) એ સફળ પેરેન્ટિંગની ટીપ્સ આપે છે. જીંદગીભર મૂંછમા્ હસ્યા ન હોય ( નિર્મલા સિતારામન વિશે શું કામ વિચારો છો. એ હસતા નથી એ કબુલ. પણ અમારા જેવાને તમને હસાવવાને મસાલો પૂરો પાડે છે. શા માટે અમારા પેટ પર લાત મારો છો? જો કે અમે ગાંઠનું ગોપીચંદન તદન મફતમાં જ ઘસીએ છીએ , એ વાત અલગ છે. ચંદન આગળ ગોપી લખવાનું કારણ જાણતા હો તો અમને જણાવજો.)એ હસવાના ફાયદા બતાવે છે.આમ, ટીપ્સને કરણી અને કથની વચ્ચે સ્નાનસૂતકનો સંબંધ નથી. ટીપ્સ એ પોથીમાંથી રીંગણા છે. ટીપ્સ એ ગુરૂ ગોળ ખાય અને ચેલાને શિખામણ આપે એ પ્રકારની કૃતક કે વ્યર્થ ટાઇમપાસ એકટીવીટી છે!!

આપણે ત્યાં રોકડ ટીપ અને ભીખને એક સિક્કાની બે બાજુ ગણવામાં આવે છે. આ બંને પર ગબ્બર ટેકસ લાગતો નથી ,એ કબુલ . પણ બને એક નથી.

ભીખ માંગવી એ ગુનો છે. ભીખ મેળવનાર તમને કોઇ સેવા પૂરી પાડતો નથી. અલબત, પાંચ કે દસ રૂપિયાના દાનના બદલામાં એ દૂધો નાવો પુતો ફલો એવા આશીર્વાદ આપે છે. નિસંતાન દંપતીને સંતાન પ્રાપ્તિ માટે આઇવીએફ કલિનિકની સારવારના ખર્ચમાંથી ઉગારે છે. તેમના આશીર્વાદથી તમે અદાણીને ધોબીવછાટ માત આપીને વિશ્વના એક નંબરના? ધનાઢય બની શકો છો!!ભીખ વચનોનું વાયદાબજાર છે!!

કોઇ તમને સેવા આપે, સેવાથી તમને સંપૂર્ણ સંતોષ થાય એટલે તમારી અંદર બેઠેલો કદરદાન ચરણ ચાંપી મૂંછ મરડી નાગણે નાગ જગાડયેની જેમ જાગૃત થાય છે. તમે સમરકંદ અને બુખારા આપી દેવા તૈયાર થઇ જાવ છો. આવી બાબતમાં માલિકીફાલિકી જોવાની ન હોય!! સામેવાળાની સેવાથી રાજી થઇને જે રકમ આપો છો એ ટીપ છે. આમ, તો ટીપની લેવડદેવડ હોટલ, રેસ્ટોરેન્ટમાં થાય છે. ટીપની પ્રવૃત્તિનો વ્યાપ વધારવાની જરૂર છે. રાજકીય રીતે તમે રેવડીનો વિરોધ કરો તે સમજ્યા મારા ભાઇ(જો કે હમામ મેં સબ નંગે હોતે હૈ!!) પણ ટીપનો ટીપટોપ વ્યાપ વધારવા પ્રધાનમત્રી ટીપ અભિવૃદ્ધિ ચીપ યોજના લોંચ કરવી જોઇએ. આના લીધે વેઇટર સંવર્ગના લાખો લોકો આપણને વોટ આપશે એ દીવા જેવું સ્પષ્ટ છે. જોઇ શું રહ્યા છો? યોજના જાહેર કરી દો.

ઘણા કંજૂસ અને મખ્ખીચૂસ લોકો ટીપ સંસ્કૃતિનો વિરોધ કરી રહ્યા છે. માનો કે કેટલીક મોરલ પોલીસ સેના વેલ્નટાઇન ડે નો વિરોધ કરી ન રહી હોય. તેમનામાં મુનિમનો કે ઓડિટરનો આત્મા પ્રવેશ કરતો હોય છે. તમે હોટલનું બિલ પણ ચુકવો અને ટીપ પણ આપો તે નાઇન્સાફી છે. વેઇટરનું કામ વાનગી લાવવા, પ્લેટ લાવવા, ઓર્ડર લેવાનું , સુપ -ડેંઝર્ટ લાવવાનું અને જુઠી પ્લેટ લઇ જવાનું છે!! એના માટે હોટલનો માલિક વેઇટર પૈસા ચુકવે પછી રેવડી કલ્ચરને પ્રોત્સાહન આપવાનું? આ તો છાશમાં માખણ જાય અને વહુ ફૂવડ કહેવાય !! જો પૂરૂષ વેઇટરની જગ્યાએ મહિલા વેઇટર હોય તો તમારા ઔદાર્યમાં અચાનક ઉછાળો આવે છે. જો તમે પૂરૂષ વેઉટરને વીસ રૂપિયાની ટીપ આપો. પરંતુ, મહિલા વેઇટર હશે તો સો-બસો રૂપિયા ટીપ આપી દેશો!! આપણું ટીપ આપવાનું ધોરણ સ્થળ અને કાળ મુજબ બદલાય છે. હાઇ વે પરના રેસ્ટોરેન્ટ, લારી, ગલ્લા પર નાસ્તો કે ભોજન કરીએ છીએ તો કારીગરને ટીપ આપતા નથી. બિલની રકમના આધારે પણ ટીપ આપતા નથી. સારી અને મોંઘી હોટલ કે રેસ્ટોર્ન્ટમાં લંચ કે ડિનર કર્યા બાદ બિલની રકમ ઉપરાંત ટીપ એટલે આપીએ છીએ કે હોટલનો સ્ટાફ આપણને ચિંગુસ ન ગણે એટલે ના છૂટકે ટીપ આપીએ છીએ. નવ -દસ હજારનું જમ્યા પછી વેઇટરને વીસ રૂપિયા ટીપ આપો એટલે એ વેઇટર તેના ખિસ્સાના એંશી ઉમેરીને આપણા વીસ ને બદલે સો રૂપિયા પરત કરે તો આપણો કેવો કચરો થઇ જાય!!! ઘણી હોટલો વેઇટરને મળેલી ટીપમાંથી ભાગ પડાવે છે. સમજો કે ભિખારી પાસેથી પોલીસ હપતો ઉઘરાવે તેવો ઘાટ થાય!!!

દુનિયામાં કેટલાય સ્ટુડન્ટ્સ પોતાના પોકેટ ખર્ચ અથવા તો પોતાની એજયુકેશન લોન ને ચૂકવવા માટે પાર્ટ ટાઇમ જોબ કરે છે. આ સ્ટુડન્ટ્સ નાની-મોટી જોબ્સ કરે છે. જેમ કે કોઈ વેઇટર બને છે . રયાન બ્રાન્ડ્ટ નામની વિધાર્થીની એક રેસ્ટોરન્ટમાં વેઇટ્રેસ તરીકે કામ કરતી હતી. એક પૈસાદાર માણસ રેસ્ટોરન્ટમાં આવ્યો. તેણે રયાનની સર્વિસ અને તેની સ્ટોરી જાણ્યા બાદ તેને સાડા ત્રણ લાખ રૂપિયાની ટિપ આપી, પરંતુ તે ટિપનો આનંદ વધારે સમય સુધી ન ટકી શક્યો. રેસ્ટોરન્ટના મેનેજરે તેની ટીપ બાકીની વેટ્રેસ સાથે શેર કરવાનું કહ્યું.જેનો વિરોધ કર્યો તો નોકરીમાંથી તગેડી મુકવામાં આવી. આમ, તેણે ગોળી અને ગોફણ ગુમાવ્યા!!દરેક દેશોમાં વેઇટરને ટીપ આપવાના માનાંક અલગ છે. રૂમની સફાઇ કરનાર, મુસાફરોનો લગેજ હેરફેર કરવા, ટેકસી ડ્રાઇવર,વાઇન જેવા પીણા સર્વ કરવા વગેરેના રેટ અલગ અલગ છે. આ પ્રકારની નાની-ક્ષુલલ્ક રકમ આપવાથી આપનાર ગરીબ થઇ જતો નથી પણ જેમને આપવામાં આવે છે તેના માટે ટીપે ચીપે સરોવર ભરાય તેટલી રાહત અનુભવાય છે!! અમેરિકાના પેન્સિલવેનિયાના સ્ક્રેન્ટોન શહેરમાં એકરેસ્ટોરેન્ટ ચાલે છે.જેમાં મારિયાના લેમ્બર્ટ નામની મહિલા વેઇટ્રેસ તરીકે કામ કરે છે.આ રેસ્ટોરેન્ટમાં એરિક સ્મિત નામનો ગ્રાહક આવ્યો. તેણે એક બે આઇટમનો ઓર્ડર કર્યો. જેનું બિલ માત્ર તેર ડોલર હતું. એરિક ચક્રમ હશે કે ભગવાન જાણે ! એણે મારિયાનાને ત્રણસો ડોલરની ટીપ આપી. બિલની રકમ સામે ૩૯ ગણી ટીપ આપી. થોડા દિવસ પછી એરિકે પત્ર લખીને ટીપની રકમ પરત કરવા રેસ્ટોરેન્ટને કહ્યું. રેસ્ટોરેન્ટે કહ્યું કે રાઈના ભાવ રાતે ગયા. અબ તુમ ભૂલ જાવ, હમ ભી ભૂલ જાયેંગે!! એરિક ભૂલવા તૈયાર નથી.તેણે રેસ્ટોરેન્ટ સામે? કાર્ટકેસ કર્યો .કેટલીક ચુકવણીઓ નોનરિફંડેબલ હોય છે. મંદિરમાં ચડાવો ચડાવીએ તે પરત માંગી શકાય??? ના, કેમ કે નોન રિફંડેબલ છે. પત્ની અગર ગર્લફ્રેન્ડને આપેલ ગિફટસ નોન રિફંડેબલ કેટ્ગરીમાં આવે છે. આ વાત એરિક સમજવા તૈયાર નથી. એણે રેસ્ટોરેન્ટ પર કેસ કર્યો છે. વોટ એબાઉટ મારિયાના ?? મોરિયાના ટીપની રકમ ઉડાડી ચુકી હશે. બિચારા એરિકભાઇ આપણી ગુજરાતી કહેવતો સમજી શકતા નહીં હોય!!! એમના માટે ગધેડી પણ ગઇ અને ફાળિયું પણ ગયું!!

ભરત વૈષ્ણવ<br>
૨૫.૯.૨૦૨૨.#<br>
હાસ્યલેખ

# નવરાત્રિ

"વા વાયાને વાદળ ઉમટયા ,<br>
ગોકુળમાં ટહુક્યા મોર,<br>
રમવા આવો સુંદરવર શામળિયા"...<br>
કે પછી<br>
ઢોલીડા ઢોલ ધીમો ધીમો વગાડમાં ,(૨)<br>
રઢિયાળી રાતડીનો જોજે રંગ જાય ના..."

અહાહા! કેવાં સરસ ગરબા અને કેવું સુંદર મનમોહક દ્રશ્ય આ સાથે જ આપણી નજર સમક્ષ આપોઆપ આવી જાય છે!


જાણે શામળિયો પોતે જ આવા ગરબા ગાતો ન હોય અને તાળીઓનાં તાલે રાધારાણી નવરંગ ચુંદડી ઓઢીને ઢોલ અને શહેનાઈનાં સૂર સાથે ગરબે ન ઘુમતી હોય! એવો આભાસ થાય છે!

ખરેખર મિત્રો, એ ઢોલ અને શહેનાઈની મજા હવે રહી છે ખરી?

મિત્રો નવરાત્રિ એટલે શું?


'નવરાત્રિ' એટલે આસુરીતત્વો (અસત્ય) સામે દેવીતત્વો(સત્ય)નો વિજય થવો.

લોકવાયકા પ્રમાણે દેવોને રંજાડનાર મહિષાસુરનો વધ કરવા અંબેમાએ નવ દિવસ સુધી યુધ્ધ કર્યું હતું અને ત્રેતાયુગમાં દશેરાએ રામે રાવણનો વધ કર્યો હતો આમ આ વિજયગાથાની ખુશીમાં નવરાત્રિનો પર્વ ઉજવાય છે . મિત્રો , ખરેખર તો અસુરોનો વિનાશની સાથે માનવીની આંતરિક શત્રુ જેમકે કામ,કોધ્ર,મોહ,લોભ કે મદનો નાશ કરવાનો ગૂઢાર્થ પણ રહેલો છે .આ નવ દિવસ લોકો શક્તિની આરાધના કરે છે અને આઠમનાં



દિવસે હવનમાં નાળિયેર સાથે આસુરીશકિતનો નાશ થાય એવી કામના કરે છે, પણ સત્ય તો એ છે કે આપણે આપણામાં જ રહેલી આવી આસુરીશકિતનો નાશ કરીશું તો એ ખરી શકિતની આરાધના છે ,પણ અફસોસ આપણે એ નથી કરી શકતાં! આજે તહેવારોમાં આરાધનાનું સ્થાન વેપારીવૃતિએ લઈ લીધુ છે .લગભગ બધાંજ તહેવારમાં વેપારીવૃતિએ પગપેસારો કરી દીધો છે એમાં નવરાત્રિ પણ બાકાત નથી!

ખરેખર મિત્રો, આજની નવરાત્રિ અને અમે જે નવરાત્રિ જોઈ છે એમાં જમીન આસમાનનો ફરક છે. મને આજે પણ યાદ છે નવરાત્રિ આવે એટલે લોકો આનંદમાં આવી જતાં ચોમેર ભક્તિમય વાતાવરણ હોય અને માતાજીનો ગરબા લેવાથી લઈને વિસર્જન સુધી બધે જ હર્ષોલ્લાસ વ્યાપી જતો . નવરાત્રિમાં ઘટસ્થાપનનું આગવું મહત્વ છે. એની સ્થાપના માટે ગરબીમાં પણ વિવિધતા જોવા મળતી અમારી શેરીમાં ચાંદીની ગરબીમાં માતાજીની મૂર્તિ અને ગરબાની સ્થાપના થતી જેનાં દર્શન કરવા લોકો દૂર દૂરથી આવતાં અને આખી



ગલીને લાઈટ અને તોરણથી શણગારવામાં આવતી જે જોઈ અમે બધાં જ આનંદમાં આવી જતાં. નવરાત્રિમાં રોજ સાંજે અમે બધી સખીઓ ચણિયા ચોળી પહેરીને હાથમાં નાનો ગરબો લઈને અમારા મકાનમાં ઘેર ઘેર ગરબા ગાવા નીકળી પડતાં . ગરબા ગબડાવવા લોકો અમારી વાટ જોતાં અને અમે જેવા એમના ઘરે પહોંચીએ એટલે, "ગરબા ગાવા આવીએ જી" એમ કહીને એમની મંજૂરી લેતાં અને હા પાડતાં વચ્ચે ગરબો મૂકીને ગરબા ગાતા વળી પાછાં ગરબા પણ અમારા બાળમાનસને આવડે એવા જ હોય જેમકે," એકનાં એકવીસ રે ગોરી ગરબો આવ્યો."

કે પછી "ચણા કાચા બોરડીનો હોય"<br>
કે પછી<br>
"ઘમ રે ઘમ ઘંટી"

આવા ગણ્યાં ગાંઠ્યાં ગરબામાં પણ લોકો રાજી થઈને અમને સાંજી આપતાં જેમાં પેન્સિલ, રબર, કંપાસ,નોટબુક,ફૂટપટ્ટી કે પછી રોકડા રૂપિયા આપતાં ,આ બધી ભેટ અને રૂપિયા બે રૂપિયામાં પણ અમે રાજી થઈ જતાં! જાણે કેટલાંય અમીર ન થઈ ગયાં હોય ! આજે આ એક સ્વપ્ન જેવું જ ભાસે છે કારણ આધુનિકયુગમાં લોકો બીજાને ઘરે ગરબા ગાવા પોતાની બાળકીને મોકલતા જ નથી! કદાચિત નાનપ અનુભવતા હશે અથવા તો હવે એવો સમાજ રહ્યો જ નથી કારણ ડગલે ને પગલે આસુરીવૃતિ ધરાવનાર માનવી ક્યારેક એમની બાળકીને ભરખી ન જાય એનો સતત ભય માબાપને સતાવતો હોય છે!જવા દો આપણે એ વિશે વાત ન કરતાં મસ્ત મજાની વાત કરીએ.

આ એ જમાનાની વાત છે જ્યારે શેરી ગરબાનુ મહત્વ હતું અને ઢોલ અને શહેનાઈનાં સૂર સાથે ગરબે ઘૂમવાની મજા જ કંઈ અનેરી હતી! મને બરાબર યાદ છેઅમારે ત્યાં ઈબ્રાહીમ ઢોલી આવતો એનાં ઢોલ સાથે ગરબાની રમઝટ કેમ ભુલાય? છેલ્લે જ્યારે ધમાલ વગાડે ત્યારે" ભોલી સુરત મન કે ખોટે" એ ગીતથી શરૂઆત થતી જેમાં ભગવાનદાદાની સ્ટાઈલ જે એમની એક આગવી ઓળખ હતી એની જેમ જ બધાં રંગમાં આવીને ગરબે રમતાં . એવી મજા આજે હજારો રૂપિયા ખર્ચીને પણ નહીં મળે કારણ આજે એનું સ્થાન ફિલ્મી ગીતોએ લઈ લીધું અને મોટા પંડાલમાં અજાણ્યા લોકો સાથે રમવામાં આત્મીયતા ક્યાંથી હોય? એ મજા તો આપણાં જ કોઈ પ્રિયજન માઈકમાં ગરબો ગુમાવે અને એને ઝાલીને તાળીઓનાં તાલ સાથે ગરબે રમવાની મજાજ અનેરી હોય . મને બરાબર યાદ છે . અમારા મકાનમાં મારી સખીની માતા માથે પાણી ભરેલો હાંડો અને બેડલું લઈને ગરબે રમતાં અને હાથમાં થાળી લઈને થાળી નૃત્ય પણ કરતાં એ બધું હવે ક્યાં જોવા મળે છે! આ સાથે વિવિધ સ્પર્ધાઓ પણ યોજાતી જેમ વેશભૂષા,આરતી ,વાનગી સ્પર્ધાઓ મુખ્ય હતી અને હા એક દિવસ રમતગમતનો રહેતો એમાં પણ સ્પર્ધા થતી અને વિજેતા મિત્રોને પારિતોષિક પણ મળતાં.

ખરેખર મિત્રો,

આ એવો વખત હતો જ્યારે સમયના બંધન નહોતાં એટલે રાત્રે બે વાગ્યા સુધી રાસડા લેવાતાં અને દશેરાએ ગરબો પધરાવીને અમે સવારે ચાર વાગે ઘરે આવતાં તો પણ થાકનુ નામ નહોતુ. દશેરાના દિવસે જલેબી ગાંઠિયાની લાઈન લાગતી . અફસોસ એ વાતનો છે આજે એનું સ્થાને પીઝા અને બર્ગર આવી ગયાં છે . આજે કોરોનાએ આપણને ઘણું શીખવાડી દીધું છે , આજે ફરી પાછાં શેરી ગરબા શરૂ થયાં છે. જાણે માતાજી એમ ન કહેતાં હોય, "મનશુધ્ધ કરી તારા પ્રિયજન સાથે મારી ભક્તિ કર તો હું વધારે ખુશ થઈશ આ આધુનિકરણથી મને દૂર રાખો ."ખરેખર મિત્રો, આજે આધુનિકતાનાં નામ પર તહેવારોનો મર્મ જસાવ ભાંગી ગયો છે ,આપણે શેરી ગરબા રમતાં હતાં એમાં બાબલાએ ડિસ્કોડાન્સનો નવો ટ્રેન્ડ શરૂ કર્યો જે આગળ જતાં વેપારીવૃતિમાં પરિવર્તન થઈ ગયો હવે પાછાં શેરી ગરબા તરફ વળી આપણે માતાજીની ભક્તિ કરવી જ રહી કારણ પરિવર્તન સંસારનો નિયમ છે.મિત્રો, નવરાત્રિ શરદપૂનમનાં દિવસે જ પૂરી થાય કે જ્યારે માતાજીનો અખંડ દીવો કરીને ચાંદની રાત દૂધપૌઆની લહેજત સાથે ગરબે ઘુમે છે અને ચાંદામામા પણ આનંદિત થઈને એનો રંગ રાતો થઈ જાય છે .

જીજ્ઞા કપુરિયા" નિયતી"<br>
NOG સાહિત્યસરિતા ગ્રુપ<br>
સભ્ય : ૦૦૨

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



*NOG SS No* : *0110*
પ્રકાર : ગદ્ય- લઘુવાર્તા
વિષય : અણસાર - આભાસ
શબ્દો : ૩૪૬
શીર્ષક :'દીકરી વ્હાલનો દરિયો'
લેખકનું નામ : નિખિલ કિનારીવાળા (અમદાવાદ)

દીકરી શ્વેતાના લગ્ન થયે ૧૫ દિવસ વીતી ગયા. સાસરે વિદાય કર્યા પછી જતીનભાઈને હજુ એવો આભાસ થાય છે કે શ્વેતા ક્યાંક આજુબાજુમાં જ છે. લગ્નના ત્રીજા દિવસે તો તે પતિ રાકેશ સાથે હનીમૂન ઉપર મોરેશિયસ ચાલી ગઈ. આમેય દીકરી અને તેમાંય સૌથી નાની એટલે પપ્પાની વધુ લાડકી. મમ્મી સ્મિતાબેન તરફથી શ્વેતાને ક્યારેક વઢ પડી જતી પરંતુ પપ્પા માટે તો તે હંમેશા વ્હાલનો દરિયો જ રહી. અને કેમ ન હોય? એવી હસમુખી, મીઠડી, વાચાળ અને ટીખળી છોકરી. તેની એક એક વાતમાં નિર્દોષતા છુપાયેલી રહેતી.

શ્વેતાની જ પસંદના યુવક રાકેશ સાથે તેના લગ્ન લેવાયા. રાકેશ ખૂબ સમજુ, સંસ્કારી, ઓછાબોલો પણ સરળ સ્વભાવનો યુવક હતો. બંને વચ્ચે ખૂબ પ્રેમ હતો અને માતા-પિતા તરીકે જતીનભાઈ અને સ્મિતાબેનને પૂરો વિશ્વાસ હતો કે શ્વેતાને રાકેશ જિંદગીભર સુખી રાખશે. લગ્ન પહેલાં જતીનભાઈ શ્વેતાના માથે હાથ ફેરવીને કહેતાં કે, તું હવે અમને એકલા મૂકીને ચાલી જવાની. અમને કેમ ગમશે? મીઠડી શ્વેતા પપ્પાને ભેટી પડીને ટીખળમાં જવાબ આપતી "હું ક્યાં જવા માગું છું તમે જ મને તમારા ઘરમાંથી વિદાય કરવા તત્પર થયાં છો."અને જતીનભાઈની આંખો ભીની થઈ જતી.

સ્મિતાબેન જતીનભાઈ ની લાગણી સમજતા હતા. વારંવાર તેમને સમજાવતા કે દીકરી તો પારકી થાપણ જ કહેવાય. આપણી લેણદેણ પૂરી થાય એટલે દીકરીને વિદાય કરવી જ રહી. લગ્ન વખતે શ્વેતાએ પપ્પા જતીનભાઈ પાસે વચન લીધું હતું કે, વિદાય વેળાએ પપ્પા કે મમ્મી આંખમાં આંસુ સુધ્ધાં નહીં લાવે અને તે પોતે પણ નહિં રડે. અને સુંદર ઢીંગલી જેવી તૈયાર થયેલી શ્વેતા હસતાં ચહેરે ચહેકતી ચહેકતી પપ્પા-મમ્મીને એક ટાઈટ હગ આપીને બાય બાય કહેતી સાસરે ચાલી ગઈ.

સાસરે વિદાય થયા બાદ બીજા દિવસે પગફેરા માટે શ્વેતા ઘરે આવી. તેના મોં ઉપર તાજગી અને ખુશી છલકતી જોઈને જતીનભાઈ અને સ્મિતાબેનને ખૂબ સંતોષ થયો. "હવે પાછી ક્યારે આવીશ?"ના જવાબમાં પપ્પા જતીનભાઈને શ્વેતાએ આંખો મિચકારી ટીખળ કરતાં જવાબ આપ્યો "તમે બોલાવશો ને હું હાજર થઈ જઈશ." સહુ હસી પડ્યાં. બીજા દિવસે તો શ્વેતા અને રાકેશ હનીમૂન માટે મોરેશિયસ જવા નીકળી ગયા. પાછા આવીને તેઓ રાકેશની જોબ બેંગ્લોર હોવાથી બેંગ્લોર ચાલ્યા જવાના છે. આ બધાનો અણસાર હોવા છતાં હજુ જતીનભાઈનું મન તેમની દીકરી તેમનાથી દૂર જઈ રહી છે તે સ્વીકારવા તૈયાર નહોતું. શ્વેતાની ચહલ પહલ અને તેના મસ્તીખોર અવાજનો સતત આભાસ થયા કરતો હતો.

નિખિલ કિનારીવાળા, અમદાવાદ
૨૪ સપ્ટેમ્બર ૨૦૨૨

-----------------------------------------------------

NOG SS No : 0123
પ્રકાર : પદ્ય
શિર્ષક : છે
વિષય : અણસાર
રચના:
પ્રેમ માં પડ્યાનો એ અણસાર છે.
જિંદગીને સાંપડી પતવાર છે.
આજ તો વરસાદ ના એંધાણ છે.
મોરલાના ગીતનો ટહુકાર છે.
બોલવામાં હોય નમ્રતા ઠીક છે.
મૌન જાણે મ્યાનમાં તલવાર છે.
વાત નાની થી જ અહમ ઘવાય છે.
શબ્દ સાચો એક બસ આભાર છે.
'દિવ્ય'જીવન ને મરણ નિશ્ચિત છે.
શ્વાસ ને લાગે જતાં પળવાર છે.
નામ : દિવ્યા દેઢિયા'દિવ્ય'
સ્થળ :વડાલા (મુંબઈ)

-----------------------------------------------------

NOG SS No/022
વિષય: અણસાર - આભાસ
પ્રકાર: ગદ્ય
શીર્ષક: હૃદય પરિવર્તન

તેણે ધીમે ધીમે આગળ વધી રહ્યો હતો. ચારેતરફ નીરવ શાંતિ હતી. વૃક્ષોનાં પાંદડાં પવનને અભાવે સ્થિર થઈ ગયાં હતાં. તે બદનામ ગુંડો હતો, પણ આજે પહેલીવાર તેના મનમાં ભય ઉત્પન્ન થયો હતો. તેને લોકો પવા ભારાડીના નામે જાણતા હતા. આમ મૂળ નામ પવન હતું અને ગામડામાંથી શહેરમાં નોકરી કરવા આવ્યો હતો.

ફેક્ટરીના ચોકીદાર તરીકે નોકરીએ લાગ્યો ખરાબ મિત્રોની સોબતને લીધે તેના ખર્ચા વધવા માંડ્યા અને વધુ પૈસા મેળવવા તેણે ફેક્ટરીમાં ચોરી કરાવી. પોલીસ તપાસમાં તેનું નામ ખુલતાં તેને જેલ થઈ ગઈ. જેલમાં ગયા પછી તે એક ગેંગ સાથે જોડાઈ ગયો અને જેલમાં તેની નિયમિત અવરજવર શરૂ થઈ ગઈ.

તેની ખ્યાતિ વધવા લાગી, તેને મોટાં કામ મળવાં લાગ્યાં અને તે ગેંગના બોસનો જમણો હાથ બની ગયો.

તે સમયમાં તેની મુલાકાત રાજેશ સાથે થઈ. રાજેશ સમાજસેવક હતો. તેની સાથે વાત કર્યા પછી પવનનું હૃદય પરિવર્તન થઈ ગયું. પવનને લાગ્યું કે તે ખોટા રસ્તે જઈ રહ્યો છે. પવને ગેંગની માહિતી આપવાનું અને આત્મસમર્પણ કરવાનું નક્કી કર્યું, પણ? ગેગના બોસને માહિતી મળી ગઈ અને તેણે રાજેશનું ખૂન કરાવી દીધું.

પવન હવે એકલો પડી ગયો હતો. તેના ખભા ઉપર લટકી રહેલ થેલામાં ગેંગના સભ્યો વિશે માહિતી હતી. તે ચાલી રહ્યો હતો ત્યારે તેને આભાસ થયો કે કોઈ સાથે ચાલી રહ્યું છે જાણે કોઈ રક્ષક. તે પોલિસ સ્ટેશન જવા નીકળ્યો ત્યારે લાગ્યું હતું કે રસ્તામાં જ તેનું ખૂન થઈ જશે. અચાનક કોઈ જૂનો સાથીદાર તેની સામે આવી જશે અને તેને મારી નાખશે. તેને લાગ્યું કે રાજેશ તેની સાથે જ ચાલી રહ્યો છે અને તે વિચારથી તેનો આત્મવિશ્વાસ પાછો ફર્યો અને મક્કમ મને પોલિસ સ્ટેશન તરફ આગળ વધ્યો.

જ્યોતિન્દ્ર મહેતા

-----------------------------------------------------

NOG SS No : 0122
પ્રકાર : પદ્ય
શિર્ષક : આભાસ
વિષય :અણસાર
માનવી ભલે મોહ વશ લાચાર હોય છે,
સત અસતનો એને પણ અણસાર હોય છે.
જિંદગી ભર હો ચાલતી શબ્દો તણી ભરમાર,
બસ પ્રાર્થનામાં શબ્દોનો શણગાર હોય છે.
ફોગટ કશું મળતું જ નથી આ જગતમાં, તોય -
માવતર રૂપી વરદાનની ક્યાં દરકાર હોય છે!
શોધવા નીકળ્યાં છીએ ખુશીઓનાં કારવા,
સંસારમાં કેવળ દુઃખોની વણઝાર હોય છે.
લાગણીઓનાં પૈડે જ પડી જાય છે પંક્ચર,
બાકી તો જિંદગીની ઠાકઠીક રફતાર હોય છે.
રૂગણાલયોની ક્યાં કમી છે આ શહેરમાં'કાજ',
પણ દર્દે દિલની ક્યાં અહીં સારવાર હોય છે!
આમ તો સૌએ એ લણ્યું જે વાવ્યું હતું,
તોય સ્વ કર્મફળની ઈશને તકરાર હોય છે.
નામ : કાજલ શાહ :મુંબઈ.

-----------------------------------------------------

NOG SS NO - 0050
વિષય - અણસાર -આભાસ
પ્રકાર - પદ્ય મૌલિક
શીર્ષક - અણસાર આપજે
તા -૨૫/૯/૨૦૨૨.
..............................?........
આપો અમને અણસાર એવો..?
એક વાર ખબર લેતાં જજો પ્રભુ..?
અમે તમારાં નાનાં બાળ..!
સફળ થવા અમને વિજય રથ પર સવાર થતાં આવડે એવી મતી આપજો..!
ભોગ ,ત્યાગ, માયાની ઉલઝન ઘણી..!
હર કદમ તારી માયાજાળ લાગે...!
મુસીબતો હજારો આવે પ્રભુ..!
પણ મુકામે પહોંચાડી દીધાં તમે..!
નયનોથી કર્યું તે નિમંત્રણ,
સંઘ બની સમાધિમાં બંધ નયનો કર્યા..!
વરસોની તન્હાઈ તૂટી,
નવો રંગ ખીલે અંધારી રાતે..!
તન્હાઈ તૂટી , રંગ ખીલિયા નોખા...!
અહમનું હું પણું ઓગળી ગયું...!
હું તારામાં સમાઈ જાવ એવાં અણસાર આપજે પ્રભુ ..!
અશક્ય તો ક્યાંય કશું જ છે..!
જો શક્ય હતું તે પામવા માટે વર્ષો વીતી ગયાં...!
તને ખોળતા ખોળતા જિંદગીનાં મારાં અનુપમ વર્ષો વહી ગયાં..!
પણ તમે તો મુંજ હૃદયે નયનોમાં જ વસો છો..!
આજ મને અણસાર થયો એવો..!
ને તમે આંખ મીંચામણાં કરો છો આ જગત મહીં..!
આંખ બંધ કરું ને અંતરની દ્રષ્ટિથી તમે દેખાવ છો માત્ર..!
રાગીની શુક્લ "રાગ"
મુંબઈ.

-----------------------------------------------------

NOG SS NO 0117
વિષય: આભાસ/અણસાર
'આભાસ '

આજે ૫ વર્ષ બાદ સ્કૂલની રીયુનિયન પાર્ટીનું આયોજન થયું હતું. બધા જ લોકો એકબીજાને મળવા ખુબ ખુશ હતા. મીરા પણ એકદમ સરસ તૈયાર થઈને આવી હતી.એ હોટેલ પર પહોંચી.મોટા ભાગના લોકો આવી ગયા હતા પણ , મીરા તો મયંકને મળવા જ આવી હતી. તે બધાને મળી અને પછી દૂર એક ટેબલ પર જઈને બેસી ગઈ. ત્યાં પવનની લહેર આવીને એકદમ સરસ કોઈના પરફ્યુમ ની સુગંધ આવી. મીરાને અણસાર આવી ગયો કે, આ મયંકના પરફ્યુમની જ ખુશ્બુ છે.તે ખુશી ખુશી પાછળ વળી ત્યાં જ એને મયંક દેખાયો. તે પણ મીરાને મળવા જ આવતો હતો.

"હાય મીરા"

"હાય મયંક. કેમ છે ?"

તે એને ગળે મળવા જતી હતી, ત્યાં જ તેનું ધ્યાન મયંકની સાથે આવેલી એક છોકરી પર પડ્યું.

"મયંક, આ કોણ? હું ઓળખી ન શકી."

"ક્યાંથી ઓળખે ? આ મારી ફિયાંસી છે; રીયા."

"ઓહ! હાય. નાઈસ ટુ મીટ યું."

"સેમ હિયર"

એ પછી મયંક અને રિયાતો બીજા લોકોને મળવા જતા રહ્યા, પણ મીરા વિચારતી રહી ગઈ કે,

"આખી સ્કુલ જાણતી હતી કે, મયંક મને કેટલો પસંદ હતો. મયંકને આ બાબતનો જરાય આભાસ નહિ થયો હોઈ? હું આજે એને મારા દિલની વાત કહેવા જ આવી હતી. પણ આ તો એણે જ મને આઘાત આપ્યો. શું સાચે જ મયંકને મારી લાગણી નો જરાય આભાસ નહિ હોઈ ?"

- મેઘના કામદાર

-----------------------------------------------------

NOG SS No:0001
પ્રકાર: ગદ્ય
વિષય : અણસાર - આભાસ
શિર્ષક : અણસાર,આભાસ નો સ્વ અનુભવ ...

જીવનમાં ક્યારેક એવી ઘટનાઓ બની જતી હોય છે કે જેના પ્રત્યે તમને ખૂબ લગાવો હોય કે પ્રેમ હોય અને જાણે દિલના તાર એકબીજાને મળી ગયા હોય તો પરસ્પર કોઈપણ અઘટીત ઘટના બનવાની હોય તો જે એક ખ્યાલ રૂપે આવે છે એને અણસાર કહી શકાય..

એવી જ રીતે જીવનમાં ઘણી બધી ઘટનાઓના ઘણા બધા જીવનના વ્યવહારિક કે સામાજિક પ્રસંગોમાં એક આભાસ થતો હોય છે આવી ઘટનાઓને પ્રત્યેક વ્યક્તિના જીવનમાં અનુભવાતી હોય છે અને એ બિલકુલ વિભિન્ન હોય છે જેને શું કહેવું તેવો મનમાં ગણઘણાટ થતાં જ એમ થઈ ગયું કે આ અણસાર અને આભાસ શબ્દને આપણા ગ્રુપમાં વિષય તરીકે મૂકીએ તો આવો લોકોનું આ બાબતે શું અભ્યાસ છે તે સર્જકોની કલમે જાણવા મળે બસ આ પણ એક અણસાર અને આભાસ જ કહેવાય..


સંચાલક : પ્રદીપ રાવલ

-----------------------------------------------------

*NOG SS NO-* 0088
વિષય- અણસાર / આભાસ
પ્રકાર- પદ્ય
શીર્ષક- દીકરી સંગે
નામ- ડૉ. મનીષા વ્યાસ
(સૌ મિત્રોને દીકરી દિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ)
મારી કુંખમાં તારા પાંગરવાના જ્યાં મળ્યા સુખિયા વાવડ..
હૈયે ઉભરાઈ આનંદની હેલી ને જાગ્યા કાંઈ અવનવા દોહદ..
રોમરોમ નવીન ઈચ્છાઓની ફૂટી હરિયાળી વનરાઈ..
રાતદિન તારા આવવાની જાણે મનમાં ગુંજતી શરણાઈ..
તું રમતી આળોટતી ને ધીરેથી હળવે ઠેસ મારતી કુંખે..
જાણે એ જ વતારિ મા બનવાની ખુશી ઉઠતી મુખે!
રુદને તારાં, અણસાર પામી અવની પરના અવતરણે...
બન્યાં હર્યા-ભર્યા અહોભાગી માબાપ દીકરીના સગપણે..
માબાપનું પ્રતિબિંબ સદા ઝીલાતું તારી સઘળી વર્તણૂકે!
નાજુક નમણી સોહામણી! અદલ માના જેવા અણસારે...
નથી કોઈ ભેદ પ્રસૂતિ પીડામાં જો હોય દીકરી કે દીકરો..
તો શું કામ? એવું સૌ ઈચ્છે કે કાયમ જન્મે જ દીકરો..
આવો સૌ પ્રકૃતિ નિયમનની કરીએ હરખી વધામણી!
જન્મીને તું જુગ-જુગ જીવ વ્હાલી, ઝાઝા જુહાર દીકરી!



પોતાનો આપી દે ભાગ
કે'વાશે સાચો તે ત્યાગ
મળશે મોક્ષ નીંદરમાંથી
સપનું જોતી વખતે જાગ
વીંધાઈને બંસી થઈ જા
તેઓ જેમ વગાડે વાગ
માણસના રુંવે રુંવે વિષ
તે કરતાં સારો છે નાગ
એ દોસ્તો લાગે છે શાંત
ફેંકે છે તીર, જોઈ લાગ
કાલિન્દી પરીખ (અમરેલી)



મૌસમ છે વરસાદી
અને તારી યાદ સતાવે છે
વરસાદના દરેક બુંદ માંથી
તારો જ ટહુકો સંભળાય છે
જ્યારે વાદળો ગર્જના કરે છે
આ દિલ ના ધબકારા વધે છે
મારા દિલ ના દરેક ધબકારા સાથે
તારો જ પગરવ સંભળાય છે
જ્યારે તેજ વાવાઝોડું ફૂંકાય છે
ત્યારે દિલ ધડકન ચૂકી જાય છે
મૌસમ છે કાતિલ વરસાદ ની
ત્યારે યાદ તારી જ સતાવે છે
સુનિલ શાંડિલ્ય (અમદાવાદ)

મૌન સમજ્યા હોય એ હાથ ઊંચો કરે
શબ્દો ગળી ગયા હોય એ હાથ ઊંચો કરે
શોધવા જશો જો ખામી'તો બધામાં દેખાશે
ખામી અવગણ્યા હોય એ હાથ ઊંચો કરે
સુખના સાથી બની મહેફિલ તો ઘણી માણી
દુઃખમાં સાથે રડયાં હોય એ હાથ ઊંચો કરે
ખબર નહીં કેમ પણ રડવાની ટેવ પડી છે દરેકને
હસતાં હસતાં જીવ્યા હોય એ હાથ ઊંચો કરે
કોઈ - કોઈનું નથી રહ્યું હવે, એવું સાંભળ્યું છે મેં
સાહેબ, સમયે આંબા વાવ્યાં એ હાથ ઊંચો કરે
શબ્દો મારાને આ લાગણી મારી કડવી તો છે જ
છતાં જીવનમાં ઉતાર્યા હોય એ હાથ ઊંચો કરે
જયકિશન દાણી (બોટાદ)



મૌસમી દાંપત્ય(હાસ્ય કવિતા)
મૌસમ છે રીમઝીમ પ્રિતની,
અને મારા એ મુજ પર બે અદબ ધોધમાર વરસી પડે...
ચમકે છે ઝગમગ વીજળી,
અને એ વેળાકવેળા ઝબકી પડે...
વાતો શીતળ વાયરો,
અને એ વાવાઝોડાંની જેમ વિવાદોનાં વંટોળે ચઢે...
ઘેરાય કાળા વાદળો,
અને એ નિત્ય નિરાશાથી મુજને ઘેરે,
મારી આશાના સૂરજને,
એની ક્રોધિત વાણીથી વિખેરેં...
મૌસમ છે રીમઝીમ પ્રિતની
અને મારા એ ધોધમાર વરસી પડે...??
રૂપલ સોલંકી (વાપી)



મીઠું મીઠું હસી જાય છે
(ગઝલ)
મરક મરક કોઈ મીઠું મીઠું હસી જાય છે.
અગર મગર હોય માહિતગારે કહી જાય છે.
ખરેખરો મૂડ ત્યારે આવે હસીને જુઓ,
અત્યારમાં બહેકાવી ને ખસી જાય છે.
સભાનતા ક્યાંય લાગે ક્યાંથી નહીં પારખો,
અહીં જ મારે કહેવાનું કે ખુશી જાય છે.
શરીફ ક્યાં આ જમાનો હસવા જ દે હવે?
લડા લડી ને ખુમારી સીધી, ફસી જાય છે.
પડોશમાં કોઈ વાતો ચાલી તરત સાંભળી,
મજાકમાં જે ઉડાવી એતો, પછી જાય છે.
હિતેશ આર. પટેલ "સાવન"બારડોલી



"લગોલગ"
નીકળું છું એના ઘરની લગોલગ,
મેળવું છું પગલાં પગની લગોલગ.
ધબકારા મા જ ભળતું નામ એનું,
જીવને પણ લાગે નશની લગોલગ.
સપનાનો મેં મોલ જીંદગીમાં વાવ્યો,
લણી નથી શકાતું મનની લગોલગ.
સીધું જ દરિયાને મળવું શક્ય નથી,
પસાર થવું પડે છે રણની લગોલગ.
રાહ જોઈ રહયો વર્ષોથી 'સ્વરૂપ',
ને થઈ કબર મારા શબની લગોલગ.

વિંકલ પટેલ... (મોરબી)

## વિરમગામ માં એકજ બેઠકે અભૂતપૂર્વ, ઐતિહાસિક "૧,૨૫,૦૦૦" હનુમાન ચાલીસા ના પાઠ ભવ્ય આયોજન કરવામાં આવ્યું





શ્રી બજરંગ મંડળ જી.આઈ.ડી.સી. વિરમગામ દ્વારા પિતૃ અમાવસ્યા રવિવાર ના રોજ સવા લાખ હનુમાન ચાલીસા સર્વ પિતૃઓના મોક્ષ અર્થે અને પંથકના કલ્યાણ માટે નિઃસ્વાર્થ ભાવથી આયોજન કરવામાં આવ્યુ હતું.


આ કાર્યક્રમમાં આશરે ૫,૦૦૦ રામભક્તો આવવાનું આયોજન હતું પરંતુ ૬૦૦૦ થી વધુ રજીસ્ટ્રેશન થયું હતું. દરેક વિસ્તારના લોકો, દરેક જ્ઞાતિના અગ્રણીઓ, સામાજિક સેવાકીય સંસ્થાઓનો આ અનુષ્ઠાન મહાયજ્ઞને સાથ અને સહકાર મળ્યો હતો. જેમાં ૬૪૦૦ થી વધુ ભકતજનોએ વ્યક્તિદીઠ ૨૫-૨૫ હનુમાન ચાલીસા કરી હતી અને પિતૃઓના મોક્ષ અને પંથકના કલ્યાણ માટે કમળક્કાકડીની યજ્ઞકુંડમાં આહુતિ આપીને સમર્પિત કરવામાં આવી હતી.

આ કાર્યક્રમ જગન્નાથ મંદિર - અમદાવાદથી પ.પૂ. મહંત શ્રી દિલીપદાસ બાપુ, શ્રી રામમહેલ મંદિરથી રામકુમાર દાસ બાપુ, વંથલ થી પ.પૂ. ભાર્ગવદાસ બાપુ, કમીજલા થી શ્રી જાનકીદાસ બાપુ, સોકલી થી શ્રી રઘુદાસ બાપુ, પંચમુખી હનુમાનજી મંદિરથી શ્રી રઘુનંદનદાસ બાપુની નિશ્રામાં આ અલૌકિક અને ઐતિહાસિક કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું. જેમાં સમગ્ર વિરમગામ શહેર અને પંથકના દરેક મહોલ્લા, શેરી, સોસાયટી અને ગામે ગામથી દરેક જ્ઞાતિના સૌ રામ ભક્તો જોડાયા હતા.

# કેસરિયો રંગ તને લાગ્યો રે ગરબા... થનગનાટના આંગણે ગાંધીનગર શહેરને લાગશે હવે કેસરિયો રંગ...!

ગાંધીનગર ,

ગાંધીનગર આર્ટ એન્ડ કલ્ચરલ ફાઉન્ડેશન દ્વારા છેલ્લા ૧૨ વર્ષથી ગાંધીનગર શહેરમાં ભવ્ય ગરબા મહોત્સવ ઉજવાય છે. થનગનાથ ના ગરબા દર વર્ષે એની એવી નવી ઊંચાઈ સર કરે છે. આઝાદી કા અમૃત મહોત્સવ વર્ષ દરમિયાન યોજાઇ રહેલી થનગનાટની નવરાત્રી આ વખતે કેસરિયા રંગથી રંગાઈ જશે.




થનગનાટના અધ્યક્ષ શ્રી રોહિત નાયાણીએ જણાવ્યું છે કે તારીખ ૨૬ સપ્ટેમ્બર થી શરૂ થતી નવરાત્રી આ વખતે અનોખી થીમ પર આધારિત છે. આ વખતે ગાંધીનગર શહેરને કેસરિયો રંગ લાગવાનો છે. પ્રથમ નોરતે પરમ પૂજ્ય મહામંડલેશ્વર શ્રી દિલીપદાસજી મહારાજ જગન્નાથ મંદિર અમદાવાદ ગુજરાત સરકારના યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને ગૃહ મંત્રી શ્રી હર્ષ સંઘવી ગુજરાતી ફિલ્મના હીરો યસ સોની ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી હિતેશ મકવાણા ડેપ્યુટી મેયર શ્રી પ્રેમલ સિંહ ગોલ અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી જશવંતભાઈ પટેલના હસ્તે આરતી ઉતારી આ મહોત્સવ ખુલ્લો મુકવામાં આવશે.

ગાંધીનગર થનગનાટના ગરબા મહોત્સવ જ્યારે કેસરિયા રંગથી રંગાઈ જવાના છે ત્યારે થનગનાટની પરંપરા મુજબ માના ગરબા માત્ર શુદ્ધ સાત્વિક અર્વાચીન અને પ્રાચીન ગરબા સાથે ખેલૈયાઓ ગરબે ઘૂમશે.




ગુજરાતી પરંપરા અનુસાર જે રીતે શેરી ગરબા થતા એ પ્રમાણે આપણા પરંપારિક ગરબા પ્રસ્તુત કરવામાં આવશે.

ગાંધીનગર થમગઢ ના ગરબા મહોત્સવ જયારે કેસરિયા રંગથી રંગાઈ જવાના છે ત્યારે થનગનાટની પરંપરા મુજબ માનાગરબા માત્ર શુદ્ધ સાત્વિક અર્વાચીન અને પ્રાચીન ગરબા સાથે ખેલૈયાઓ ગરબે ઘૂમશે ગુજરાતી પરંપરા અનુસાર જે રીતે શેરી ગરબા થતા એ પ્રમાણે આપણા પરંપરિત ગરબા પ્રસ્તુત કરશે.

થનગનાટના આ વખતના ગરબા મહોત્સવનું આકર્ષણ એટલે દસે દસ દિવસ ગુજરાતના ખ્યાતનામ કલાકારો એમના વૃંદ સાથે ગાંધીનગર સેક્ટર ૬ ના થનગનાટ પાર્ટી પ્લોટ પર આવશે આ કલાકારોમાં હિમાલય વ્યાસ, રવિ શાહ ઋષા રામી, ગ્રીષ્મા પંચાલ પાયલ વૈદ, પાયલ વખારીયા ,અભિજીત રાવ કાજલ મહેરીયા, રાજદીપ બારોટ ,અંકિતા શાહ જેવા લગડી કલાકારો થનગનાટના આંગણે ખેલૈયાઓને ગરબા કરાવશે.

થનગનાટના પાર્ટી પ્લોટમાં ભવ્ય તૈયારીઓ થઈ રહી છે અને વિવિધ ખાણીપીણીના સ્ટોલ તૈયાર થઈ રહ્યા છે.

થનગનાટના આંગણે ગરબા રમવા અને ઈનામ મેળવવા ખેલૈયાઓમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. એકંદરે આ વખતે થનગનાટના ગરબા મહોત્સવમાં ગાંધીનગર શહેર કેસરિયા રંગે રંગાઈ જશે અને ગાઈ ઉઠશે કે સરિયો રંગ તને લાગ્યો રે ગરબા...... કેસરિયો રંગ તને લાગ્યો રે લોલ....

## માંડલ ના કાચરોલ ગામે સ્નેહ ફાઉન્ડેશન અને કે. ડી. હોસ્પિટલ દ્વારા આંખના રોગોનો નિઃશુલ્ક નિદાન કેમ્પ યોજાયો

માંડલ તાલુકાના કાચરોલ ગામના વતની અને "સ્નેહ ફાઉન્ડેશન" ના પ્રમુખશ્રી જનકભાઈ સાધુ દ્વારા કાચરોલ ગ્રામ પંચાયત તેમજ "સ્નેહ ફાઉન્ડેશનના" સહયોગથી કે. ડી. હોસ્પીટલ અમદાવાદ દ્વારા કાચરોલ ગામમાં કુંતેશ્વર મહાદેવ મંદિરમાં નિઃશુલ્ક આંખોની તપાસનો કેમ્પ "પ્રોજેક્ટ દિશા અભિયાન" અંતર્ગત યોજવામાં આવ્યો હતો.

જેમાં ૨૫૦થી વધુ લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાંથી ૪૮ દર્દીઓને કે. ડી. હૉસ્પિટલ માં નિઃશુલ્ક ઓપરેશન કરી આપવામાં આવશે.

ઉપરોક્ત કેમ્પમાં કે. ડી. હોસ્પીટલના ઓપથમોલોજી વિભાગના ડૉ. પરીન મહેતા દ્વારા દરેક લાભાર્થીની ચીવટપૂર્વક તપાસ કરવામાં આવી હતી તેમજ દર્દીઓને ફ્રી ચશ્માં અને દવાનું વિતરણ કરવામાં આવ્યું.

વધુમાં જનકભાઈ સાધુ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે

સમાજના છેવાડાના વ્યકિત સુધી આંખોની અત્યાધુનિક સારવાર મળી શકે તથા કોઈપણ જરૂરિયાતમંદ દર્દીનું નિદાન અને સારવારથી વંચિત ન રહી જાય એ પ્રોજેક્ટ દિશાનો મુખ્ય ધ્યેય છે .

સ્નેહ ફાઉન્ડેશન ના સક્રિય સદસ્ય પવન સતાણી, લાલજી ચાવડા, આશિષ પાલડીયા, નિલેશ દલવાડી, ગજેન્દ્ર સોલંકી , રુકસાર ખેડુવોરા હાજર રહી કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો.

આ કાર્યક્રમમાં કાચરોલના વતની અને માંડલ તાલુકા ઠાકોર સમાજ ના પ્રમુખ શ્રી રમુજી ઠાકોર, સરપંચશ્રી રમેશજી ઠાકોર અને તાલુકા સદસ્ય જગાજી ઠાકોર એ કે. ડી.હોસ્પીટલના ડોક્ટર્સ તેમજ સ્ટાફગણ નો આભાર વ્યક્ત કર્યો હતો.

## સાંસ્કૃતિક સેલ દ્વારા " મન કી બાત"



આજે ભારતીય જનતા પાર્ટીના કર્ણાવતી મહાનગર ના સાંસ્કૃતિક સેલ દ્વારા આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી ના ૯૩ માં "મન કી બાત" નું મંચન ભવ્યાતિભવ્ય રીતે અમદાવાદ ના પ્રહલાદ નગર ખાતે જાણીતા મલ્ટિપ્લેક્ષ એવા કોનપ્લેક્સ ખાતે કરવામાં આવ્યું.

આ પ્રસંગે ભારતીય જનતા પાર્ટીના કર્ણાવતી મહાનગરના શહેર પ્રમુખ આદરણીય શ્રી અમિતભાઈ શાહ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી હીતેશ ભાઈ બારોટ સહિત મોટી સંખ્યામાં અમદાવાદ શહેરના કલાકારો ઉપસ્થિત રહેલા..આ પ્રસંગ ના આયોજક એવા કર્ણાવતી મહાનગર નગર સાંસ્કૃતિક સેલના સંયોજક શ્રી અભિલાષ ઘોડા તથા સહ સંયોજક શ્રી હિમાંશુ ચૌહાણ દ્વારા એક સંયુક્ત અખબારી યાદી માં જણાવવામાં આવ્યું છે.

તેમણે એમ પણ જણાવ્યું છે કે આગામી દિવસોમાં ગુજરાત ના કલાકારો નું એક મોટું સંમેલન પણ કર્ણાવતી મહાનગર ખાતે યોજાય તે દિશામાં પણ? સાંસ્કૃતિક સેલ કટીબદ્ધ છે.

## રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પથ સંચલનનું સાબરકાંઠા જિલ્લા સમસ્ત બ્રહ્મ સમાજ (રાજ્યકક્ષા) દ્વારા વંદે માતરમ, હર હર મહાદેવ અને ભારત માતાકી જયના નારા સાથે ગુલાબના પુષ્પોથી વધાવીને ઉષ્માભેર સન્માન સાથે સ્વાગત કરવામાં આવ્યું

હિંમતનગર ,

રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ દ્વારા પ્રતિ વર્ષે ની જેમ આ વર્ષે પથસંચલન હિંમતનગર ટાવર પાસેના બગીચા માંથી કાઢવામાં આવ્યું. જેને શરૂઆત બગીચામાંથી કરી કરવામાં આવી. આ પ્રસ્થાનના સમયે સમસ્ત બ્રહ્મ સમાજ (રાજ્યકક્ષા) સાબરકાંઠા જિલ્લા દ્વારા પથ સંચલનનું ઉષ્માભેર ગુલાબના પુષ્પોની પાંખડીઓ થી વધાવીને સન્માન કરવામાં આવ્યું આ પ્રસંગે સમસ્ત બ્રહ્મ સમાજના રાજયકક્ષાના ઉપપ્રમુખ પ્રફુલભાઈ વ્યાસ, સરકારી અમલીકરણ વિભાગના રાજયકક્ષાના પ્રભારી અને પૂર્વ સંગઠન મંત્રી અતુલભાઈ દીક્ષિત, જિલ્લા પ્રમુખ મનોજભાઈ પુરોહિત જિલ્લા યુવા પ્રમુખ હર્ષેલ રાવલ, શહેર પ્રમુખ મુકેશભાઈ જાની, બિન અનામત વિભાગના રાજયકક્ષાના મંત્રી અને તાલુકા મહિલા મોરચા પ્રમુખ ભાવનાબેન પંડ્યા, બ્રહ્મ સમાજ મહિલા પ્રમુખ ઈન્દુબેન જોશી , કારોબારી મંત્રી કૃપાબેન પંડ્યા, રેખાબેન ત્રિવેદી, મીનાબેન સાધુ, જ્યોત્સના બેન જોશી, હર્ષાબેન દવે ઉષાબેન તથા બિપિનભાઈ વિગેરે એ હાજર રહી કાર્યક્રમ ને દિપાવ્યો હતો.




**સુરત ખાતે પ્રદેશ અધ્યક્ષ શ્રી સી .આર.પાટીલ સાહેબ, કેન્દ્રીય મંત્રી શ્રી પરશોત્તમભાઈ રૂપાલા તેમજ કેન્દ્રીય મંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશની વિશેષ ઉપસ્થિતિમાં 'સાગર પરિક્રમા - ૨૦૨૨' કાર્યક્રમ યોજાયો.**

જેમાં રાજ્ય સરકાર ના મંત્રી શ્રીઓ શ્રી મુકેશભાઈ પટેલ, શ્રી કનુભાઈ દેસાઈ, શ્રી જીતુભાઈ ચૌધરી , શ્રી વિનુભાઈ મોરડીયા , ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલ,સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી પરેશભાઈ પટેલ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગર ના અદમ્ય ઉત્સાહ અને કલ્ચરલ ફોર્મના ઉલ્લાસ ભર્યા આયોજનમાં યોજાશે દિવ્યા અને ભવ્ય નવરાત્રી મહોત્સવ

### સેક્ટર ૧૧ માં વિશાળ ડસ્ટ ફ્રી ગ્રાઉન્ડમાં ૧૦૦૦૦ ખેલૈયાઓ મન મૂકીને રમી શકે એવું આયોજન

**જી સી એફ ગરબા ગ્રાઉન્ડમાં યાત્રાધામ અંબાજી થી આવેલી અખંડ જ્યોત પ્રજ્વલિત રહેશે મુખ્ય મંચ પર માતાજીની ૧૨ ફૂટ ઊંચી મૂર્તિની સ્થાપના કરાશે...**







ગાંધીનગર,

આવનારી પેઢીમાં પરંપરા સંસ્કૃતિ અને સંસ્કારોનું સિંચન થાય એવા ઉપદેશ સાથે મા આદ્યશક્તિની આરાધનાનું પર્વ નવરાત્રી મહોત્સવ ભક્તિ ભાવપૂર્વક ઉજવવા ગાંધીનગર કલ્ચરલ ફોર્મ એ ગાંધીનગરની મધ્યમાં સેન્ટ્રલ વિસ્ટા પાસે ક્રૈષ ઓફિસ સામે સેક્ટર ૧૧ ના વિશાળ મેદાનમાં દિવ્ય અને ભવ્ય આયોજન કરેલું છે.

નવરાત્રી મહોત્સવના વિશિષ્ટ આયોજન થી ગરબા થી વિશ્વગગનમાં ગાંધીનગરની આગવી ઓળખ ઉભી કરવા ગાંધીનગર કલ્ચરલ ફોરમ પ્રયત્નશીલ છે. કોરોના કાળના બે વર્ષ પછી નવરાત્રી ના ગરબા યોજાઈ રહ્યા છે ત્યારે નાગરિકો અને ખેલૈયાઓમાં અભૂતપૂર્વ ઉત્સાહી છલકાઈ રહેલો જોવા મળે છે.

ગાંધીનગર કલ્ચરલ ફોર્મના અધ્યક્ષ શ્રી કૃષ્ણકાંતભાઈ જહા એ નવલી નવરાત્રી ૨૦૨૨ ના વિશિષ્ટ આયોજન અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે નવરાત્રી મહોત્સવના આયોજનમાં ભવ્યતાની સાથે સાથે દિવ્યતા માટે વિશેષ પ્રયત્નો થઈ રહ્યા છે. ખેલૈયાઓ મોકલાસતી પરંપરાગત રીતે ગરબે રમી શકે તે માટે ૩ લાખ ચોરસ ફૂટનું વિશાળ મેદાન સજાવાઈ રહ્યું છે.

એકી સાથે ૧૦,૦૦૦ ખેલૈયાઓ ગરબા રમી શકે તેવું વિશાળ દષ્ટ ફરી ગરબા ગ્રાઉન્ડ તૈયાર કરવામાં આવી રહ્યું છે.

છેલ્લા ૩૪ વર્ષથી ગાંધીનગરથી પગપાળા અંબાજી જતા જય અંબે પરિવારના સભ્યો પવિત્ર યાત્રાધામ અંબાજી થી જયોતિ સ્વરૂપમાં અંબાજીને ગાંધીનગર લાવે છે માતાજીની આ જયોત ની ભવ્ય શોભા યાત્રા નવરાત્રી મેદાનમાં પહોંચશે અને ત્યાં માતાજીની જયોતનું પવિત્રતા પૂર્વક સ્થાપન કરવામાં આવશે.

ગાંધીનગર કલ્ચરલ ફોર્મ ના ગરબા થી વિશ્વ ગગનમાં ગાંધીનગરે આગવી ઓળખ ઊભી કરી છે. ગાંધીનગર ઉપરાંત અન્ય શહેરોના યુવાનો અને વ્યવસાયિક કે કૌટુંબીક રીતે ગાંધીનગરની બહાર સ્થાયી થયેલા મુળ ગાધીનગરના પરિવારો પણ નવરાત્રી દરમિયાન ગાંધીનગર કલ્ચરલ ફોરમ ગરબા માણવા ગાંધીનગર આવી જાય છે.

આવા તમામ ગરબા ખેલૈયાઓને યોગ્ય પ્રાંગણ પૂરું પાડવા ગાંધીનગર કલ્ચરલ ફોરમ સતત પ્રયત્નશીલ છે.

યુવાન ગરબા ખેલૈયાઓ નવરાત્રીની ઉજવણી પાછળનું શાસ્ત્રોક્ત મહાત્મ્ય સમજે અને આદ્ય શક્તિની આરાધનાના આ પર્વને યોગ્ય રીતે ઉજવે તે માટેના પ્રયત્નો થઈ રહ્યા છે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમ ના ગરબા ના પ્રવેશ દ્વારમાં ગરબા અને ચાકડાથી ગામઠી સજાવટ કરવામાં આવી છે. મુખ્ય મંચ પર માં જગદંબાની બાર ફૂટ ઊંચી પ્રતિમાનું સ્થાપન કરવામાં આવશે.

સમગ્ર વાતાવરણને ભક્તિમય બનાવવા વિશેષ પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે. નવરાત્રીના લોક મહોત્સવને નાગરિકો પરિવાર સાથે મન ભરીને માણી શકે તે માટે વિવિધ વાનગીઓના ૨૬ જેટલા ફુલ સ્ટોલ આકાર લઈ રહ્યા છે .

ગાંધીનગર અને ગાંધીનગરની બહાર સ્થાયી થયેલા તમામ નાગરિકોને ગાંધીનગર કલ્ચરલ ફોર્મ દ્વારા આયોજિત નવરાત્રી મહોત્સવમાં ઉમંગ અને ઉત્સાહપૂર્વક પધારવા તથામાં આદ્યશક્તિની આરાધના નું આ પર્વ ભક્તિ ભાવપૂર્વક ઉજવવા સૌને ભાવભીનું આમંત્રણ છે.

## પ્રધાનમંત્રીશ્રીની આગામી તા.૩૦ સપ્ટેમ્બરની મુલાકાતને અનુલક્ષી મુખ્યમંત્રીશ્રીએ અંબાજીની મુલાકાત લીધી



મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અંબાજી મંદિરમાં દર્શન કરી વડાપ્રધાનશ્રીના કાર્યક્રમ સંદર્ભે ગબ્બર અને સભાસ્થળનું નિરીક્ષણ કર્યુ.પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી આગામી ૩૦ સપ્ટેમ્બરના રોજ બનાસકાંઠા જિલ્લાના અંબાજી ખાતે વિવિધ વિકાસકાર્યોના ખાતમુહૂર્ત - લોકાર્પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાના છે.જેને અનુલક્ષીને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આજે અંબાજી ખાતે મંદિરમાં દર્શન કરી, કાર્યક્રમની તૈયારીઓની સમીક્ષા કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ વહીવટીતંત્રના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી કાર્યક્રમની તૈયારીઓ અંગે વિગતો મેળવી જરૂરી સૂચનો કર્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાનશ્રીના કાર્યક્રમ સંદર્ભે ગબ્બર લાઈટ એન્ડ સાઉન્ડ શો અને હડાદ રોડ પર ચીખલા ખાતે યોજાનાર સભાસ્થળનું નિરીક્ષણ કર્યુ હતું. આ પ્રસંગે શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન કમ બનાસકાંઠા કલેક્ટરશ્રી આનંદ પટેલે વડાપ્રધાનશ્રીના કાર્યક્રમ અંગે મુખ્યમંત્રીશ્રીને વિગતવાર માહિતી આપી હતી.

મુખ્યમંત્રીશ્રીની મુલાકાત પ્રસંગે જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી ગજેન્દ્રસિંહ પરમાર તથા કીર્તિસિંહ વાઘેલા, સાંસદ શ્રી પરબતભાઈ પટેલ અને દિનેશભાઈ આનાવાડીયા, ધારાસભ્યશ્રી શશીકાંતભાઇ પંડ્યા, પૂર્વ કેન્દ્રીય મંત્રીશ્રી હરીભાઈ ચૌધરી, અગ્રણીશ્રી ગુમાનસિંહ ચૌહાણ, મુખ્ય સચિવશ્રી પંકજ કુમાર, મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ પંકજ જોષી, પ્રવાસન સચિવશ્રી હારિત શુક્લા, વિકાસ કમિશનરશ્રી સંદીપ કુમાર, સામાન્ય વહીવટ વિભાગના સચિવશ્રી રાકેશ શંકર, જિલ્લા વિકાસ અધિકારીશ્રી સ્વપ્નિલ ખરે, પોલીસ અધિક્ષકશ્રી અક્ષયરાજ મકવાણા સહિત અન્ય ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. લક્ષ્મણ ઠાકોર અંબાજી

## ગુજરાત પ્રદેશ ડોકટરસેલ દ્વારા આજરોજ અનુસૂચિત જાતિની ૧૩ અને અનુસૂચિત જનજાતિની ૨૭ વિધાનસભાઓ એમ કુલ ૪૦ સ્થળો પર નિશુલ્ક મેગા સુપર સ્પેશિયાલિટી મેડિકલ કેમ્પ થકી નાગરીકોને આરોગ્યલક્ષી સેવા આપી

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ ડોકટર સેલના સંયોજકશ્રી ડો. ધર્મેન્દ્રભાઇ ગજ્જર એક અખબારી યાદીમાં જણાવે છે કે, ગુજરાતના પનોતાપુત્ર અને દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના જન્મદિવસ નિમિત્તે ભાજપ દ્વારા સેવા પખવાડીયા અંતર્ગત વિવિધ સેવાકીય કાર્યો કરી રહી છે ત્યારે આજ રોજ પંડિત દિનદયાળ ઉપાધ્યાયજીની જન્મજંયતી નિમિત્તે તેમના આપેલ અંત્યોદયના ઉત્થાન માટેના સુત્ર ને સાર્થક કરવા ડોકટર સેલ દ્વારા નિશુલ્ક મેગા સુપર સ્પેશિયાલિટી મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

ડો.ધર્મેન્દ્ર ગજ્જરે વધુમાં જણાવ્યું કે, નિશુલ્ક કેમ્પ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબ અને પ્રદેશ સંગઠનમંત્રીશ્રી રત્નાકરજીના માર્ગદર્શન હેઠળ યોજાયો.



ડોકટર સેલના ડોકટરશ્રીઓ અનુસૂચિત જાતિની ૧૩ અને અનુસૂચિત જનજાતિની ૨૭ વિધાનસભા એમ કુલ ૪૦ વિધાનસભા પર આ કાર્યક્રમમાં સેવા આપી દર્દીઓને ફ્રીમાં સરાવાર આપી. આ સેવાકીય મેડિકલ કેમ્પના શુભારંભમાં રાજયના પ્રજાવત્સલ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ તેમજ રાજયનામંત્રીશ્રી પ્રદિપભાઇ પરમાર અમદાવાદના અસારવા ખાતે તેમજ સંગઠન મંત્રીશ્રી રત્નાકરજી ભીલોડા ખાતે મેડિકલ કેમ્પ ખાતે ઉપસ્થિત રહ્યા હતા . દરેક મેડિકલ કેમ્પમાં આશરે ૧૫ જેટલા વિવિધ નિષ્ણાંત સ્પેશિયાલિસ્ટ ડોટકરોની ટીમો અને સમગ્ર મેડિકલ કેમ્પમાં આશરે ૨ હજારથી વધુ ડકોટરશ્રીઓ દ્વારા દર્દીઓને સારવાર આપવામાં આવી હતી.દરેક સ્થળો પર મોટી સંખ્યામાં દર્દીઓએ નિશુલ્ક મેડિકલ કેમ્પનો લાભ લઈ સારવાર કરાવી.આ કેમ્પ દરમિયાન દર્દીઓએ પંડિત દિન દયાઇ ઉપાધ્યાયજીના ફોટોને પુષ્પાજંલી અર્પણ કરી કેમ્પમા સારવારનો લાભ લીધો તેમજ કેમ્પમાં સારવાર આપી રહેલા ડોકટરઓએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો મન કી બાત કાર્યક્રમ સાંભળ્યો હતો .

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.